Tuesday 29, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં આરઓબીના ગર્ડરનું કામ શરુ : ૩ ઓક્ટો. સુધી ટ્રાફિક રહેશે

### રેલવે દ્વારા મેગા બ્લોકની મંજૂરી અપાતાં વાપીમાં જે ટાઈપથી જીઆઈડીસી તરફ જતો-આવતો મુખ્ય માર્ગ બંધ કરવામાં આવ્યો છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીમાં ટાઉન અને જીઆઈડીસી એટલે કે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા નવા બની રહેલા જે ટાઈપ રેલવે ઓવરબ્રિજની ગર્ડર ચડાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી માટે રેલવે વિભાગ દ્વારા મેગા બ્લોકની મંજૂરી આપવામાં આવતા તા. ૨૭ સપ્ટેમ્બરથી તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી જે ટાઈપથી જીઆઈડીસી તરફ જતો-આવતો મુખ્ય માર્ગ બંધ કરવામાં આવ્યો છે.

માર્ગ બંધ હોવાના કારણે આજે વહેલી સવારથી જ જે ટાઈપ રેલવે અંડરબ્રિજમાંથી પસાર થતા વાહનોની અવરજવર પર ભારે અસર જોવા મળી હતી. સવારે અંદાજે ૮:૩૦થી ૯:૩૦ દરમિયાન મોટી સંખ્યામાં વાહનો અંડરબ્રિજ તરફ આવી જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. વાહનચાલકોને લગભગ એકથી દોઢ કલાક સુધી એક જ સ્થળે ફસાઈ રહેવાની ફરજ પડી હતી. જેના કારણે ફુલ કોલેજ જતા વિદ્યાર્થીઓ અને કંપનીઓમાં કામ કરતા જતા કામદારો તેમના રોજિંદા સમય કરતા મોડા પહોંચ્યા હતા.

સ્થાનિક વાહનચાલકોના જણાવ્યા મુજબ નેશનલ હાઈવે પરથી જે ટાઈપ બ્રિજ તરફ આવતા માર્ગ પર મોદીસન કંપની તેમજ GTPL કંપની તરફ જવાના રસ્તે માર્ગ બંધ હોવા અંગે પૂરતી ચેતવણી કે સૂચનાત્મક બોર્ડ મૂકવામાં આવ્યા ન હોવાથી અનેક વાહનચાલકો સીધા અંડરબ્રિજ તરફ આવી પહોંચ્યા હતા. જેના કારણે અંડરબ્રિજમાં વાહનોનો ભારે ધસારો થયો હતો.

આ ઉપરાંત સવારે ટ્રાફિકના સૌથી વધુ ધસારાના સમયે જે ટાઈપ અંડરબ્રિજ પાસે ટ્રાફિક પોલીસ અથવા અન્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી ન હોવાના કારણે પણ પરિસ્થિતિ વધુ વણસી હોવાનું વાહનચાલકોમાં ચર્ચાઈ રહ્યું હતું. બીજી તરફ કેટલાક વાહનચાલકો દ્વારા રોંગ સાઈડમાં વાહન હંકારીને આગળ વધવાનો પ્રયાસ કરવામાં આવતા પણ ટ્રાફિક વ્યવસ્થાને અસર થઈ હતી. આવી જ પરિસ્થિતિ અગામી ત્રણ ઓક્ટોબર સુધી રહેશે જેને જેને લઈ સ્થાનિક પોલીસ તથા ટ્રાફિક વિભાગ દ્વારા સમયસર ઘટના સ્થળે પહોંચી વાહન ચાલકોને મુશ્કેલીનો ઊભી થાય તે જોવાનું રહ્યું છે.

## વાપીમાં સીટી સર્વેમાં હડતાલથી અરજદારોને હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપી મહાનગરપાલિકાની બલીઠા ખાતે આવેલી મામલતદાર કચેરીમાં કાર્યરત સીટી સર્વે કચેરીના કર્મચારીઓ પગાર વધારાના મુદ્દે છેલ્લા ૧૬ દિવસથી હડતાળ પર ઉતર્યા છે. કર્મચારીઓની હડતાળને પગલે કચેરીની વિવિધ કામગીરી ઠપ થઈ જતા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સીટી સર્વે કચેરીમાં જમીનની એન્ટ્રી-ફેરફાર, જમીન માપણી, નામ ફેરફાર, સુધારા હુકમ તેમજ -પ્રોપર્ટી કાર્ડમાં એન્ટ્રી સહિતની મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવે છે. જોકે, કર્મચારીઓ હડતાળ પર હોવાથી છેલ્લા ૧૬ દિવસથી આ કામગીરી પર અસર પડી છે. આ સ્થિતિને કારણે જમીનદારો ઉપરાંત જમીનની લે-વેચ સાથે સંકળાયેલા ડેવલપરો તેમજ અન્ય સ્થાનિક અરજદારોના કામ અટવાઈ ગયા છે. ખાસ કરીને જમીનના વ્યવહારો અને મિલકત સંબંધિત દસ્તાવેજી કામગીરી માટે સીટી સર્વે કચેરીની કામગીરી મહત્વપૂર્ણ હોવાથી અરજદારોને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે.

કર્મચારીઓની આ હડતાળ ક્યારે સમાપ્ત થશે અને વાપી સિટી સર્વે કચેરીની કામગીરી ક્યારે રાબેતા મુજબ શરૂ થશે તે અંગે હજુ અનિશ્ચિતતા જોવા મળી રહી છે. જેના કારણે જમીન માલિકો તથા અરજદારોમાં પણ મુશ્કેલી અને નારાજગી જોવા મળી રહી છે.

## કાકડકોરપરનો યુવાન રાષ્ટ્રીય કક્ષાની બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ઝળકયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**કપરાડા, તા. ૨૮ :** નાનાપોંઢા તાલુકાના કાકડકોપરનો યુવાન લખનૌ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની બો ડી બિલ્ડિંગ સ્પર્ધામાં ૬૦. કિલો કેટેગરીમાં ઝળકી નાનાપોંઢા અને વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. કોચ મેહુલ પટેલ દ્વારા તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલસાડ, વાપી દક્ષિણ ગુજરાતની અનેક સૂત્રોના જણાવ્યા મુજબ નાનાપોંઢા સ્થિત ફિટનેકસટ જીમના એથ્લીટ પ્રીતેશ ગાંવિત એ ૨૭ સપ્ટેમ્બરે લખનૌ ખાતે યોજાયેલી બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ખાતે યોજાયેલી. મોન્સ્ટર મસ્કલ નેચરલ્સ સીઝન.૨ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેઓ વલસાડ જીલલાના એકજ સ્પર્ધક હતા.આ શોમાં એડવાન્સ ડોપ ટેસ્ટિંગ પ્રક્રિયા દ્વારા નેચરલ એથ્લીટ્સની કસોટી કરવામાં આવે છે. દેશના સૌથી મોટું નેચરલ બોડીબિલ્ડિંગના મોટા સ્ટેજ પર પ્રીતેશ ગાંવિત એ બીજો ક્રમ મેળવીને ફિટનેકસટ જીમનું નામ ગર્વથી ઊંચું કર્યું છે. પ્રીતેશ એ અનેક સ્પર્ધાઓમાં પોતાની મહેનત અને પર્ફોર્મન્સથી ઓળખ બનાવી છે.





## પીપરોળના અભિનાથ દેવસ્થાનને ઈકો ટુરિઝમ ધામ તરીકે વિકસાવવાની માંગ

### આદિવાસી સમાજના આગેવાનો અને વડીલોની રજૂઆત : તળાવ, ટ્રાઈબલ કલ્ચર મ્યુઝિયમ, ઉદ્યાન સાથે પ્રવાસન સુવિધાઓ વિકસાવવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૮ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ પીપરોળ ગામે આવેલા આસ્થાના કેન્દ્ર અભિનાથ દેવસ્થાન ગઢને ઈકો ટુરિઝમ ધામ તરીકે વિકસાવવામાં આવે તેવી માંગ સ્થાનિક આદિવાસી સમાજના વડીલો, આગેવાનો અને ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. આ અંગે ડો. નિરવ પટેલ, કમલેશ પટેલ સહિતના આગેવાનો અભિનાથ દેવસ્થાન વિસ્તારમાં એકત્ર થયા હતા અને સ્થળના વિકાસ અંગે ચર્ચા કરી હતી.

સ્થાનિક વડીલો પાસેથી મળતી માહિતી મુજબ, અભિનાથ દેવને વર્ષોથી આદિવાસી સમાજ દ્વારા વરૂણદેવ અને વરસાદી દેવ તરીકે પણ આસ્થાપૂર્વક પૂજવામાં આવે છે. અહીં વર્ષોથી પૂજાપાઠ અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. ખાસ કરીને દશેરાના દિવસે અભિનાથ દેવને પાઘડી ચઢાવી વિશેષ પૂજાપાઠ કરવામાં આવે છે. માનતા રાખ્યા બાદ ધારેલું કામ પૂર્ણ થાય તેવી સ્થાનિકોની આસ્થા પણ જોડાયેલી છે.

ખેતી સાથે પણ આ દેવસ્થાનનું વિશેષ ધાર્મિક જોડાણ હોવાનું સ્થાનિકો જણાવે છે. ખેતીનો પાક તૈયાર થયા બાદ તેનો પ્રથમ અર્પણ અભિનાથ દેવને કર્યા પછી જ તેનો ઘરવપરાશ કરવામાં આવે છે. તેવી જ રીતે રોપણી કે ખેતીની શરૂઆત પહેલાં પણ અહીં પૂજાપાઠ કરી ખેતીકામનો પ્રારંભ કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

ડો. નિરવ પટેલે જણાવ્યું હતું કે અભિનાથ દેવને વરૂણદેવ અને વરસાદી દેવ તરીકે માનવામાં આવે છે. આ સમગ્ર વિસ્તારનો યોગ્ય વિકાસ કરવામાં આવે તો ધાર્મિક આસ્થા સાથે પ્રવાસનને પણ પ્રોત્સાહન મળી શકે છે અને સ્થાનિક આદિવાસી ભાઈ-બહેનો માટે રોજગારીની નવી તકો ઊભી થઈ શકે છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ પત્ર દ્વારા જાણ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સ્થાનિક આગેવાનોની માંગ છે કે અભિનાથ દેવસ્થાનની આસપાસ તળાવ, ટ્રાઈબલ કલ્ચર મ્યુઝિયમ, ઉદ્યાન સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવે. સાથે પ્રવાસીઓ માટે નાસ્તાથી લઈને ભોજન અને રહેવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો સ્થાનિક લોકોને રોજગારી મળી શકે અને આ વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે નવી ઓળખ મળી શકે. કમલેશ પટેલે જણાવ્યું હતું કે જ્યારે આ વિસ્તારમાં વરસાદ લંબાય ત્યારે સ્થાનિકો દ્વારા અભિનાથ દેવની પૂજા-અર્ચના કરવામાં આવે છે અને વરસાદના આગમન સાથે આસ્થા જોડાયેલી છે. તેમના જણાવ્યા મુજબ, આ વિસ્તારનો યોગ્ય રીતે વિકાસ થાય તો કુદરતી સૌંદર્ય અને આદિવાસી સંસ્કૃતિના સંગમને કારણે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું કે પીપરોળના અભિનાથ દેવસ્થાન અને આસપાસના કુદરતી વિસ્તારને વિકસાવીને પ્રવાસી ધામ અને ઈકો ટુરિઝમ સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો વિસ્તારના સ્થાનિક લોકોને રોજગારીની સાથે આદિવાસી પરંપરા અને સંસ્કૃતિને પણ નવી ઓળખ મળી શકે છે.

## જિલ્લા-સંઘપ્રદેશમાં પણ બેંક હડતાલ સંકેલાતાં ગ્રાહકોને રાહત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** રાષ્ટ્રીયકૃત બેંકોએ સોમવારથી ત્રણ દિવસની હડતાળનું એલાન પાછું ખેંચી લેતા ગ્રાહકોને મોટી રાહત થઈ છે. વલસાડ જિલ્લા સહિત વાપી પંથકમાં પણ સોમવારે તમામ બેંકો રાબેતા મુજબ ચાલુ રહી હતી.

બેંક યુનિયન દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈ સોમવારથી બુધવાર સુધી ત્રણ દિવસ બેંક બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેને લઈ શુક્રવારથી જ ગ્રાહકોમાં ચિંતા પ્રસરી હતી, કારણ કે સપ્તાહના અંતે શનિ-રવિની રજા બાદ ત્રણ દિવસ બેંક બંધ રહે તો પાંચ દિવસ સુધી કામકાજ ઠપ્પ થવાની ભીતિ હતી. વેપારીઓ અને ઉદ્યોગકારોમાં પણ ચેક ક્લિયરિંગ, રોકડ વ્યવહારને લઈ ચિંતા હતી. જોકે રવિવાર મોડી રાત્રે સરકાર સાથે સમાધાનકારી વાટાઘાટો સફળ થતા યુનિયને હડતાળ સંકેલી લેવાની જાહેરાત કરી હતી. જેના પગલે સોમવારે સવારથી વલસાડ જિલ્લા સહિત વાપી, ચલા, જીઆઈડીસી સહિતના વિસ્તારોમાં બેંકોમાં સામાન્ય કામકાજ શરૂ થયું હતું અને ગ્રાહકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## જિલ્લામાં ડી.એલ.આર. કર્મીઓની હડતાલની ચીમકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વલસાડ, તા. ૨૮ :** ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડ્સ (જમીન દફતર) વર્ગ-૩ કર્મચારી મંડળ ના નેજા હેઠળ વલસાડ જિલ્લાના ડી.એલ.આર. માં ફરજ બજાવતા ૪૦થી વધુ કર્મચારીઓની લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

પડતર માંગણીઓ સંદર્ભે અગાઉ તા. ૧૧/૦૮/૨૦૨૬ના રોજ અપાયેલા૩૦ દિવસ પૂર્ણ થવા છતાં કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અને માંગણીઓ નહીં સ્વીકારાય તો વલસાડ જિલ્લા ડીએલઆરના પ્રમુખ કીર્તન ગોહિલ ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડસ ના નેજા હેઠળ રાજ્યભરના તમામ કર્મચારીઓ તા. ૨૧/૦૯/૨૦૨૬ થી નાછૂટકે અચોક્કસ મુદતની હડતાળ પર જશે. જેના પગલે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચીમકી સાથે મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી સહિતના ઉચ્ચ અધિકારીઓને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

જમીન માપણી અને રેકર્ડ સંબંધિત મહત્વની કામગીરી સંભાળતા કર્મચારીઓ આંદોલનના માર્ગે જતાં સરકારી કામગીરી તેમજ અરજદારોના કામો અટવાઈ પડવાની પૂરી શક્યતા છે.

## સાંસદ ધવલભાઈ પટેલે બીજુ પુસ્તક લખ્યું : ટુંક સમયમાં વિમોચન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)






**વાપી, તા. ૨૮ :** વલસાડ-ડાંગના યુવા સાંસદ ધવલભાઈ પટેલ જનપ્રતિનિધિ હોવા ઉપરાંત એક સારા લેખક પણ છે એ વાત ઘણાં ઓછાને ખબર હશે. હવે તેમનું એક પુસ્તક '૨૫ યર્સ ઓફ મોદી ફોર ટ્રાયબલ્સ' પ્રકાશિત થવા માટે તૈયાર છે.અને એનું ટુંક સમયમાં વિમોચન થવાનું છે. આ અગાઉ તેમનું અન્ય એક પુસ્તક 'ભારત કે જનજાતિય ક્રાંતિવીર : સ્વતંત્રતા સંગ્રામ કી ૭૫ અનસુની કહાનીયાં' પણ પ્રકાશિત થઈ ચૂક્યું છે. તેમના આવી રહેલા નવા પુસ્તકમાં તેમણે આદિવાસી સમાજના શિક્ષણ, આરોગ્ય, રોજગાર, આવાસ, પીવાનું પાણી, રસ્તા અને સામાજિક સશક્તિકરણ માટે હાથ ધરાયેલી વિવિધ યોજનાઓની ઝાંખી, ગુજરાતની વનબંધુ કલ્યાણ યોજના ઉપરાંત રાષ્ટ્રીય સ્તરની PM-JANMAN, ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાર્ન અને એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલો જેવી પહેલોનો પણ સમાવેશ કર્યો છે.

સાંસદ ધવલભાઈ પટેલે આ બાબતે દમણગંગા ટાઈમ્સને જણાવ્યું હતું કે આ પુસ્તકનો હેતુ છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જનજાતિ સમાજ સાથેની આત્મીયતા, સંવાદ, સેવા અને વિકાસલક્ષી પ્રયાસો દર્શાવે છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

FORTUNE DREAM-CON PVT. LTD.
FORTUNE DREAM-CON
We are HIRING
Site Engineer
B.E. (Civil) with Minimum 5 Years of Experience
Site Supervisor
Diploma (Civil) with Minimum 2 Years of Experience
Location
Vapi & Daman
Contact Details
+91 98981 89686
atul@fortunedreamcon.com
www.fortunedreamcon.com



# કુરેલિયાની શ્રી વલ્લભ આશ્રમશાળામાં પુસ્તક વિતરણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **વાંસદા, તા. ૨૮ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કુરેલિયા ગામ ખાતે આવેલી શ્રી વલ્લભ આશ્રમશાળા ખાતે આજે વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પી.આઈ. કિરણ પાડવી દ્વારા આશ્રમશાળાના બાળકોને વિવિધ પુસ્તકોનું વિતરણ કરી શિક્ષણ, વાંચન અને જીવનમાં સતત આગળ વધવા અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પી.આઈ. કિરણ પાડવીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, પુસ્તક માત્ર કાગળના પાનાંનો સંગ્રહ નથી, પરંતુ તે જ્ઞાન, વિચાર અને જીવનને નવી દિશા આપતું માધ્યમ છે. નિયમિત વાંચનની ટેવ વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો કરવાની સાથે તેમના વ્યક્તિત્વ વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે બાળકોને પોતાના લક્ષ્ય નક્કી કરી મહેનત, શિસ્ત અને સકારાત્મક વિચારસરણી સાથે આગળ વધવા તેમજ શિક્ષણને જીવનની સફળતાનું મજબૂત સાધન બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આપ્રસંગે આઈ.ટી.આઈ. ઈન્સ્ટ્રક્ટર દીપકભાઈ, ટ્રેકર દિવ્યેશભાઈ, આશ્રમશાળાના આચાર્ય જગદીશભાઈ પટેલ તેમજ આશ્રમશાળાના શિક્ષકગર્ણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાળકોમાં પણ પુસ્તકો પ્રત્યે ઉત્સાહ જોવા મળ્યો હતો. આશ્રમશાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને વાંચનની ટેવને પ્રોત્સાહન આપવાના આ પ્રયાસને સૌએ આવકાર્યો હતો.

# ધવલીદોડમાં 'નમો સેવા - અનકહી કહાની' શેરી નાટક યોજાયું



(દમણગંગા ટાઈમ્સ) **આહવા, તા. ૨૮ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા, સમર્પણ અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'નમો સેવા ગાથા- અનકહી કહાનીઓ' કાર્યક્રમ હેઠળ ગુજરાતમાં પણ વિવિધ નાટ્યપ્રસ્તુતિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેના માધ્યમથી ૨૫ વર્ષની સેવા યાત્રા, જનકલ્યાણ માટેના પ્રયાસો અને સુશાસનના વિવિધ આયામો લોકો સમક્ષ જીવંત રીતે રજૂ કરવામાં આવી રહ્યા છે.

જે કાર્યક્રમના ભાગરૂપે ડાંગ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા જિલ્લાના આહવા તાલુકાના ધવલીદોડ ગામે રાજ્યકક્ષાના મંત્રી વ ડાંગના પ્રભારી મંત્રી ડો.જયરામભાઈ ગામીતના અધ્યક્ષ સ્થાને સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નમો સેવા -અનકહી કહાની શેરી નાટકનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સ્થાનિક પદાધિકારી અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત ઉપસ્થિત રહી શેરી નાટક નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શંકરભાઈ પવાર, કારોભારી સભ્ય યોગીતાબેન બાગુલ, જિલ્લા સદસ્ય શ્રધ્ધાબેન ખરે, ધવલીદોડ ગ્રામ પંચાયતના સરપંચ હર્ષિતાબેન ગાંગોર્ડા, તેમજ ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, પ્રાંત અધિકારી યુ.વી.પટેલ, આહવા તાલુકા વિકાસ અધિકારી આર.બી.ચૌધરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી અમૃતાબેન ગામીત, તેમજ ભાજપા પ્રદેશ કારોભારી સભ્ય કિશોરભાઈ ગાવિત, ડાંગ ભાજપા પાર્ટીના પ્રભારી શિલ્પેશભાઈ દેસાઈ, પાર્ટી પ્રમુખ સુરેશભાઈ ચૌધરી, આગેવાનો રમેશભાઈ ગાંગોર્ડા, દિનેશભાઈ ભોયે સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીમાં ડાક અદાલત યોજાશે

**નવસારી, તા. ૨૮ :** સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન દ્વારા જણાવ્યા અનુસાર, પોસ્ટ ખાતા દ્વારા આગામી તારીખ ૦૯.૧૦.૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ કલાકે 'ડાક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલતમાં પોસ્ટ ખાતાના નીતિ-વિષયક મુદ્દાઓ સિવાયની તથા ટપાલ સેવા પૈકી એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો જ ધ્યાને લેવામાં આવશે. ગ્રાહકો તથા નાગરિકોએ પોતાની ફરિયાદો 'ઓફિસ ઓફ સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન, નવસારી હેડ પોસ્ટ ઓફિસના મકાનમાં, માણેકલાલ રોડ, નવસારી-૩૯૬૪૪૫' સરનામે તારીખ ૦૫.૧૦.૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પોસ્ટ સુપ્રિટેન્ડન્ટની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૪૦૩/૨૦૨૫**

**અરજદાર :** ગોવિંદભાઈ સોમજીભાઈ દુમાડા, ઉ.આ.વ. ૭૧, ધંધો, નોકરી
**રહે.** માલખેત - મોટા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, માલખેત**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગોવિંદભાઈ સોમજીભાઈ દુમાડા** રહે. માલખેત, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **સોમજીભાઈ પોસલાભાઈ દુમાડાનું** મરણ તા.૦૧-૦૫-૧૯૭૭ના રોજ મોજે - માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૪૦૩/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૨૬/૨૦૨૪**

**અરજદાર :** નાગરિયા ગીરજુબેન ભુલાભાઈ, ઉ.વ.આ. ૫૯, ધંધો-ઘરકામ
**રહે.** મરોલી-ધોડીપાડા, નાગર ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મરોલી**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નાગરિયા ગીરજુબેન ભુલાભાઈ** રહે. મરોલી-ધોડીપાડા-નાગર ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **સ્વ. ભાદલીબેન ભાણાભાઈ નાગરીયાનું** મરણ તા.૨૩-૧૨-૨૦૧૪ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૨૬/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૬૪/૨૦૨૫**

**અરજદાર :** હળપતિ ભગુભાઈ શુક્કરભાઈ
**રહે.** મોહનગામ, પરાસલા
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, અણગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હળપતિ ભગુભાઈ શુક્કરભાઈ** રહે. મોહનગામ, પરાસલા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાણેજ **વાસંતીબેન ગોકુળભાઈ હળપતિની** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૯ના રોજ મોજે - અણગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૬૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૮૩/૨૦૨૬**

**અરજદાર :** કીકાભાઈ ભલાભાઈ આહીર, ઉ.વ.આ. ૮૦ ધંધો - ખેતી
**રહે.** મોહનગામ-પલસેટ ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, પલસેટ**
**ગ્રામ પંચાયત કચેરી, પલસેટ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કીકાભાઈ ભલાભાઈ આહીર** રહે. મોહનગામ - પલસેટ ફળિયું તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભત્રીજી **કુવરબેન લલ્લુભાઈ આહીરનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૯ના રોજ મોજે - મોહનગામ - પલસેટ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૮૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૪૭/૨૦૨૫**

**અરજદાર :** વસંતભાઈ દલુભાઈ વારલી
**રહે.** કરજગામ, કોળીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વસંતભાઈ દલુભાઈ વારલી** રહે. કરજગામ, કોળીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. બારસુબેન હોલ્યાભાઈ વારલીનું** મરણ તા.૨૦-૦૪-૨૦૧૪ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૭/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૧૫૨/૨૦૨૫**

**અરજદાર :** વેસ્તાભાઈ રામજીભાઈ વારલી, ઉ.આ.વ.૬૪, ધંધો, ખેતી
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વેસ્તાભાઈ રામજીભાઈ વરાલી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની **મંગલીબેન જમનાભાઈ વારલીનો** મરણ તા.૧૫-૦૯-૧૯૯૬ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૫૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૮૨/૨૦૨૬**

**અરજદાર :** ફરોલીયા (ફરલ્યા) વિકલાભાઈ જાન્યાભાઈ, ઉ.આ.વ.૭૨ ધંધો ઘરકામ
**રહે.** અંકલાસ - અંબાતપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, અંકલાસ**
**ગ્રામ પંચાયત કચેરી, અંકલાસ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ફરોલીયા (ફરલ્યા) વિકલાભાઈ જાન્યાભાઈ** રહે. અંકલાસ - અંબાતપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મોટાભાઈ **સ્વ. સોન્યાભાઈ જાન્યાભાઈ ફરલ્યાનું** મરણ તા.૧૦-૦૫-૧૯૭૦ના રોજ મોજે - અંકલાસ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૮૨/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૪૬/૨૦૨૫**

**અરજદાર :** મિલેશભાઈ રમણભાઈ વારલી
**રહે.** કરજગામ - કોળીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મિલેશભાઈ રમણભાઈ વારલી** રહે. કરજગામ, કોળીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. કાતુબેન કાત્યાભાઈ વારલીનું** મરણ તા.૨૭-૧૨-૧૯૯૦ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૬/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૪૫/૨૦૨૫**

**અરજદાર :** મિલેશભાઈ રમણભાઈ વારલી
**રહે.** કરજગામ - કોળીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મિલેશભાઈ રમણભાઈ વારલી** રહે. કરજગામ, કોળીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **સ્વ. કાત્યાબાઈ જીતુભાઈ વારલીનું** મરણ તા.૧૧-૦૮-૧૯૯૫ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૪૮/૨૦૨૫**

**અરજદાર :** વસંતભાઈ દલુભાઈ વારલી
**રહે.** કરજગામ, કોળીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વસંતભાઈ દલુભાઈ વારલી** રહે. કરજગામ, કોળીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **સ્વ. હોલજીભાઈ કાતિયાભાઈ વારલીનું** મરણ તા.૧૩-૦૬-૧૯૯૧ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૯-૦૯-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** ભાદરવો વદ, ત્રીજ, **સૂર્યોદય :** ૦૬ : ૩૪ **સૂર્યાસ્ત** ૦૬ :૨૫, **ચંદ્રોદય** - ૦૮:૦૯ **ચંદ્રાસ્ત** - ૦૯:૫૯ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - અશ્વિની

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં સહયોગીઓનો સાથ મળશે. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જોકે, બપોર પછી માનસિક ચિંતા કે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ(બ.વ.ઉ) :** ગુરુપૂર્ણિમાના સંયોગથી આપના માટે આજનો દિવસ અત્યંત શુભ અને લાભદાયી છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીની સોમવાર કે આજની સ્થિતિમાં નમ્રતા રાખવી જરૂરી છે. વેપાર અને વ્યવસાયમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચ વધવાની સંભાવના છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ન રાખવી.

**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની યુતિ તથા ચંદ્રની દ્રષ્ટિથી આપની આવકમાં ગતિ આવશે. દાંપત્યજીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ ધૈર્ય અને સંયમ રાખવાનો છે. શુક્રનું નક્ષત્ર બદલાવ તમારા માટે થોડું પડકારજનક હોઈ શકે છે, જેથી ખર્ચા પર કાબૂ રાખવો અને દેખાડાથી દૂર રહેવું.

**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કાર્યો સાથે જોડાયેલા જાતકો માટે ઉત્તમ દિવસ છે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. માતા-પિતાના આશીર્વાદથી કાર્યો સફળ થશે.

**તુલા (ર.ત.) :** આપના માટે આજનો દિવસ લાભ અને ખુશીઓ લઈને આવ્યો છે. મિલકત કે વાહન સુખ મળવાના યોગ છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ સાહસ અને પરાક્રમથી ભરેલો રહેશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. ટૂંકી મુસાફરી થઈ શકે છે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ પારિવારિક બાબતોમાં સાવધાની રાખવી. બોલતી વખતે શબ્દો પર સંયમ રાખો જેથી કોઈ વિવાદ ન થાય.

**મકર(જ.ખ) :** ચંદ્ર તમારી જ રાશિમાં બિરાજમાન હોવાથી શિસ્ત અને જવાબદારી વધશે. વેપારમાં અદ્ભુત તરક્કી અને ધનલાભના યોગ છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ ખર્ચાળ સાબિત થઈ શકે છે. વિદેશ કે દૂરના સ્થળેથી વેપારમાં કોઈ સારા સમાચાર મળી શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આવકના નવા સ્ત્રોત ઊભા થશે. મિત્રો અને સ્વજનો સાથે સારો સમય પસાર થશે. જો તમે નોકરી બદલવા માંગતા હોવ તો યોગ્ય તક મળી શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૮૪નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

## વાપી, ઉમરગામ અને સંઘપ્રદેશ રાજપૂત સમાજનો પ્રતિભા સન્માન સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૮ :** રાજપૂત સમાજ દ્વારા ભવ્ય પ્રતિભા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, નિવૃત્ત કર્મચારીઓ, ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા શિક્ષકો-પ્રોફેસરો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત કુલ ૧૨૨ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહ દરમિયાન રાજપૂત સમાજની વીરતા અને ગૌરવની પરંપરાને ઉજાગર કરતી સાંસ્કૃતિક રજૂઆતો કરવામાં આવી હતી. મહારાણા પ્રતાપના શૌર્ય અને સંઘર્ષ સાથે જોડાયેલા પ્રસંગોને રજૂ કરી નવી પેઢીને સમાજના ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના સ્થાપક સુરેન્દ્રસિંહ (ગીરીશસિંહ) દેસાઈ છે. કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં વિજયસિંહ પરમાર, ચેતનસિંહ ચૌહાણ, શૈલેષસિંહ દેસાઈ, હરેન્દ્રસિંહ રાઠોડ અને કમલેશસિંહ સોલંકીનો સહયોગ રહ્યો હતો. ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ડૉ. હરિસિંહજી, મુંબઈ તરફથી રૂ. ૧ લાખની ઈનામી રકમ આપવામાં આવી હતી. સમાજની પ્રતિભાઓને સન્માન અને પ્રોત્સાહન આપતા આ સમારોહથી વિદ્યાર્થીઓ તથા સમાજબંધુઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

## વાપીમાં અલકાપુરી સોસાયટીની ઉભરતી ગટરથી લોકો ત્રસ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીની અલકાપુરી સોસાયટીમાં ભૂગર્ભ ગટર લાઈન નંખાયા બાદથી ગટરના પાણી ઉભરાવાની સમસ્યા કાયમી બની ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર ગટર બનાવતી વખતે યોગ્ય લેવલ જાળવવામાં આવ્યું ન હોવાથી ગંદુ પાણી આગળ વહેતું નથી અને વારંવાર ચેમ્બરમાંથી બહાર નીકળી રસ્તા પર ફેલાય છે. દુર્ગંધ અને મચ્છરોના ત્રાસથી રહીશો પરેશાન છે. દેરાસર કે મંદિર પગપાળા જતાં લોકોની લાગણી દુભાય છે. આ અંગે સ્થાનિકોએ વાપી મહાનગરપાલિકામાં અનેક વખત



લેખિત અને મૌખિક રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા માત્ર કામચલાઉ સફાઈ કરી સંતોષ માનવામાં આવે છે. કાયમી ઉકેલ માટે લેવલ સુધારી નવી લાઈન નાંખવાની માંગ કરવામાં આવી રહી છે.

## દમણમાં પેનકેક સિલાટ એસો.ની નવી કાર્યકારિણીની રચના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૮ :** પેનકેક સિલાટ એસોસિએશન ઓફ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની વાર્ષિક સામાન્ય સભા અને વર્ષ ૨૦૨૬-૩૦ માટે નવી કાર્યકારિણીની ચૂંટણી દમણની બીકન હોટેલ ખાતે યોજાઈ હતી.



ચૂંટણીમાં અધ્યક્ષ તરીકે એસ્પી ઈ. દમાનિયા, વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે મોહન લુકમાન, ઉપાધ્યક્ષ તરીકે પ્રાજક્તા ટંડેલ, સચિવ તરીકે પ્રસન્ના બેન્દ્રે અને ખજાનચી તરીકે પરેન જોશીની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે ફિલિયા થોમસ અને પ્રિન્સેસ એલેક્ઝાન્ડરને કાર્યકારિણી સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

એસોસિએશનના મુખ્ય સંરક્ષક તરીકે સત્યેન્દ્ર કુમાર, ચેરમેન તરીકે દીપક પ્રધાન અને ડિરેક્ટર તરીકે કલ્પેશ પટેલ માર્ગદર્શન આપશે. નવી કાર્યકારિણીએ DNHDDમાં પેનકેક સિલાટના વિકાસ, મહિલા અને બાળિકાઓની ભાગીદારી વધારવા, પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ અને તાલીમ તેમજ જિલ્લા, યુટી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને વધુ તક ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## પારડી પંથકની શાળાઓમાં રાષ્ટ્રગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** આપણા દેશના રાષ્ટ્રગીત વંદે માતરમ ના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા પારડી પંથકની શાળાઓમાં વિદ્યાર્થીઓએ પવિત્ર વંદે માતરમ ગીત સામુહમાં ગાયને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા ની ભવ્ય ઉજવણી કરી હતી પારડી મા આવેલ શિશુ મંદિર વિદ્યાલયમાં શાળાના ટ્રસ્ટી પરિમલભાઈ પંડ્યા રાજેશભાઈ રાણા સાથે કિશોરભાઈ તથા શિક્ષકો અને વિશાળ સંખ્યામાં બાળકો ભેગા થયા હતા એ જ રીતે બીઆરજેપી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં શાળાના ટ્રસ્ટી હેમંતભાઈ દેસાઈ પ્રિન્સિપલ ચંચલાબેન ભટ્ટ સાથે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને વંદે માતરમ રાષ્ટ્રીય ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં બાળકો શિક્ષકો એકત્રિત થઈને સામૂહિક રીતે વંદે માતરમ ગીત ગાયને ૧૫૦ વર્ષની ભવ્ય ઉજવણી કરી હતી સ્વાધ્યાય મંડળ પારડી સંસ્કૃતિ વિદ્યાલય માં ટ્રસ્ટી શિક્ષકો બાળકો એ વૈદિક મંત્ર ચાર સાથે વંદે માતરમ ગીત ગાઈ ને ભવ્ય ઉજવણી કરી હતી આ સિવાય પારડી પંથકની અન્ય શાળાઓમાં પણ આ જ રીતે ઉજવણી કરવામાં આવી હતી આપણા દેશના ગૌરવ સમાજ વંદે માતરમ ગીત આપણા માત્ર ભૂમિ ના સ્નેહ અને પ્રેમનું પ્રતીક છે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વંદે માતરમ ગીતને વધુમાં વધુ પ્રોત્સાહિત કરી રહ્યા છે અને લોકો દેશભક્તિ -પ્રત્યે વધુને વધુ પ્રેરાય એવા કાર્યક્રમ યોજી રહ્યા છે. પારડી પંથકમાં આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

## પારડી ભાજપ યુવા મોરચા દ્વારા શેરી નાટક યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી શહેર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું જે નાટક થકી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિવિધ કાર્યો ની જાણકારી જાહેર જનતાને આપવામાં આવી હતી પારડી શહેર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા શેરી નાટક વિકસિત ભારત ૨૦૪૭ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જે નાટક વોર્ડ નંબર એક વોર્ડ નંબર ૨ વોર્ડ નંબર ત્રણ અને વોર્ડ નંબર પાંચમાં જનતા વચ્ચે જઈને કોલેજના વિદ્યાર્થીઓએ કર્યો હતો નાટકમાં આતંકવાદીઓનો સફાયો નક્સલવાદ નો ખાતમો રામ મંદિર નિર્માણ આયુષ્યમાન યોજના અંતર્ગત દર્દીઓને લાભ સાથે અનેક એવી યોજનાઓ અંગેની જાણકારી નાટક થકી જાહેર જનતા સુધી પહોંચાડવામાં આવી હતી મોદી હે તો મુમકિન હૈ જેવા સૂત્ર ચાર નાટકમાં કરતા પ્રક્ષકોને ઉત્સવ થયો હતો વિશાળ સંખ્યામાં પ્રક્ષકો ઉપસ્થિત રહ્યા હતા ને નાટકનો આનંદ મળ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી કમલેશભાઈ પટેલ પારડી ના પ્રભારી રમેશભાઈ ભાનુશાલી શહેર સંગઠનના પ્રમુખ વિપુલભાઈ મહામંત્રી ઝૂબીન દેસાઈ અશોક પ્રજાપતિ યુવા મોરચાના પ્રમુખ મેહુલભાઈ ભરવાડ મહામંત્રી જેનીલ દેસાઈ ઉપપ્રમુખ હાર્દિક પટેલ પાલિકાના પ્રમુખ ચેતનભાઇ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ સદસ્ય પ્રણવભાઈ દેસાઈ સિરીશભાઈ પટેલ કિરણભાઈ પટેલ ચેતનભાઇ ભંડારી યતીનભાઈ પ્રજાપતિ સાથે વિશાળ સંખ્યામાં નગરજનો નાટકમાં જોડાયા હતા.

## દમણની નમો હોસ્પિટલમાં આરોગ્ય, ફિટનેસ અને નશામુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૮ :** દમણમાં નમો હોસ્પિટલ ખાતે આરોગ્ય, ફિટનેસ અને નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા તેમજ નશા અને માદક પદાર્થોથી દૂર રહેવા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમ પ્રધાનમંત્રીના 'નશામુક્ત ભારત'ના વિઝન અંતર્ગત ચાલી રહેલા ૧૦૦ સપ્તાહના અભિયાનના ભાગરૂપે યોજાયો હતો. આ અભિયાન દ્વારા ખાસ કરીને યુવાનોને નશાથી દૂર રહેવા અને સ્વસ્થ તથા સકારાત્મક જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

અભિયાનના બીજા સપ્તાહ અંતર્ગત દમણમાં યોજાયેલા આ



કાર્યક્રમમાં નશામુક્તિ, આરોગ્ય અને ફિટનેસનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડૉ. ઋષિ દેસાઈએ આરોગ્ય, ફિટનેસ અને નશામુક્તિ અંગે માહિતીપ્રદ રજૂઆત કરી હતી. તેમણે શારીરિક સ્વાસ્થ્ય, નિયમિત કસરત, સારી આદતો તથા નશાના દુષ્ભાવ અંગે માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે ભાજપ પ્રદેશ મહામંત્રી - અલ્પસંખ્યક મોરચા, DMCના ચેરમેન તથા દમણ નગરપાલિકાના વોર્ડ કાઉન્સિલર તમન્ના ખોજા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નાગરિકોને આરોગ્ય અને નશામુક્તિ અંગેના જાગૃતિ અભિયાન તથા શિબિરમાં વધુમાં વધુ ભાગ લેવા અને આ જનહિતકારી પહેલને સહયોગ આપવા અપીલ કરી હતી.

તમન્ના ખોજાએ ખાસ કરીને યુવાનો, પરિવારો અને સમાજના વિવિધ વર્ગો સુધી 'નશામુક્ત ભારત'નો સંદેશ પહોંચાડવા અને જનભાગીદારી દ્વારા આ અભિયાનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

નમો હોસ્પિટલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમ દ્વારા 'નશામુક્ત, સ્વસ્થ અને ફિટ ભારત'નો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. ઋષિ દેસાઈ તથા કાર્યક્રમમાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વલસાડ જિલ્લાની વિવિધ શાળાઓમાં ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક જૂથની તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા, વિચારો અને વક્તૃત્વ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના માર્ગદર્શન હેઠળ તેમજ શિક્ષણ નિરીક્ષક ડૉ. બિપીન પટેલ અને શિક્ષણ નિરીક્ષક અપેક્ષા પટેલના સંકલન હેઠળ તાલુકા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સંબંધિત મદદનીશ શિક્ષણ નિરીક્ષકો તથા SVS કન્વીનરો દ્વારા સ્પર્ધાઓનું સુચારુ આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં મારા સપનાનું વિકસિત ભારત તથા ૨૫ વર્ષે સેવા અને સુશાસન જેવા મુખ્ય વિષયો તેમજ નિર્ધારિત પેટા-વિષયો આધારિત ચિત્ર અને વક્તૃત્વ રજૂ કરવામાં આવ્યા હતા. વલસાડ તાલુકાની સ્પર્ધા જમનાબાઈ સાર્વજનિક વિદ્યાલય, ધરમપુરમાં એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ, પારડીમાં ડીસીઓ હાઈસ્કૂલ, વાપીમાં ઝેડ.એચ. શાહ હાઈસ્કૂલ, ઉમરગામમાં કે.ડી.બી. હાઈસ્કૂલ, સરીગામ અને કપરાડા-નાનાપોંઢામાં એન.આર. રાઉત હાઈસ્કૂલ, નાનાપોંઢા ખાતે તાલુકા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી.

તાલુકા કક્ષાની સ્પર્ધામાંથી પસંદ થયેલા પ્રથમ ક્રમાંકના વિદ્યાર્થીઓ તા. ૦૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાનારી જિલ્લા કક્ષાની અંતિમ સ્પર્ધામાં ભાગ લેશે. માધ્યમિક જૂથમાં ધો. ૯ અને ૧૦ તથા ઉચ્ચતર માધ્યમિક જૂથમાં ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બંને જૂથમાં અલગ-અલગ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પસંદ કરવામાં આવશે. માર્ગદર્શિકા મુજબ દરેક જૂથમાંથી પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થી આગળની એટલે કે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના અધિકારીઓ, શિક્ષણ નિરીક્ષકો, મદદનીશ શિક્ષણ નિરીક્ષકો, SVS કન્વીનરો, આચાર્યો, શિક્ષકો અને નિર્ણાયકોઓ દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.

## વલસાડ-ડાંગ-વાંસદાના ૩૦ સમન્વય સાથી રાજ્ય સમન્વય ગોષ્ઠીમાં જોડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** શિક્ષણ સંસ્થાઓની પ્રવૃત્તિઓના સંકલન અને સર્વાંગી વિકાસ માટેની ૧૦૭મી રાજ્ય સમન્વય ગોષ્ઠી તા. ૨થી ૪ ઓક્ટોબર દરમિયાન મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના બાસણા ખાતે યોજાશે. ત્રણ દિવસીય ગોષ્ઠીમાં સમગ્ર ગુજરાતમાંથી ૮૦ સમન્વય સાથી ભાગ લેશે. દક્ષિણ ગુજરાતમાંથી વલસાડ, ડાંગ, વાંસદા, બારડોલી અને સુરતના ૩૦ સમન્વય સાથી ડૉ. સુરેશ અવૈયાના નેતૃત્વમાં જોડાશે. ગોષ્ઠીમાં ગાંધીવિચાર, સમાજજીવન, સરદાર-ગાંધી સંબંધો સહિતના વિવિધ વિષયો પર વૈચારિક બેઠકો, યોગ-ધ્યાન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સત્સંગનું આયોજન કરાયું છે. ગોષ્ઠીના સમાપન સત્રમાં સરદાર વંદના કાર્યની સમીક્ષા તથા આગામી ગોષ્ઠીની જાહેરાત કરાશે. રાજ્યના અગ્રણી શિક્ષણવિદો સહિત વી.બી. સવાણી, ડૉ. કુશલ પંચાલ અને ડૉ. સુરેશ અવૈયા ઉપસ્થિત રહેશે.

## ધરમપુરની હાઈ.માં વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૮ :** ધરમપુરની એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' તથા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વક્તૃત્વ શક્તિ, કલ્પનાશક્તિ અને સર્જનાત્મક -તિભાનું પ્રદર્શન કર્યું હતું.વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિકસિત ભારતના નિર્માણ, રાષ્ટ્રપ્રગતિ અને દેશના ઉજ્જવળ ભવિષ્ય સહિતના વિવિધ વિષયો પર પોતાના વિચારો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કર્યા હતા. જ્યારે ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રંગો અને કલ્પનાશક્તિના માધ્યમથી વિકસિત ભારત અંગેની પોતાની કલ્પનાને સુંદર રીતે કાગળ પર ઉતારી હતી.આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે વિદ્યાર્થીઓની રજૂઆતો અને ચિત્રકામ નિહાળી તેમની પ્રતિભાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓ જ આવતીકાલના વિકસિત ભારતના ઘડવૈયા બનશે. વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રનિર્માણની ભાવનાને પ્રોત્સાહન આપવું જરૂરી છે. કાર્યક્રમમાં પ્રમુખ જીવાભાઈ આહિર, ધનેશભાઈ ચૌધરી, પાલિકા સભ્ય દીપ માલાબેન, ભક્તિબેન કાપડિયા, શાળાના આચાર્ય દિપકભાઈ પટેલ સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની સાથે વિકસિત ભારતના સંકલ્પ સાથે જોડાવાની તક મળી હતી.

## વાપીના શ્રી ટંડેલ પરિવારની ૨૫મી વાર્ષિક સામાન્ય સભા દમણમાં મળી




**વાપી, તા.૨૮ :** દમણના દેવકા કડૈયા રોડ ઉપર આવેલ પાલમેરા ફાર્મ ખાતે વાપીના શ્રી ટંડેલ પરિવારના પ્રમુખ વિશ્વજીતભાઈ ટંડેલના અધ્યક્ષસ્થાને ૨૫મી વાર્ષિક સામાન્ય મળી હતી જેમાં

સભાની શરૂઆત ટંડેલ પરિવારના પ્રમુખ સ્વ. ચંપકલાલ આર. ટંડેલની સમાજ સેવાને બિરદાવી યાદ કરી તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સભામાં ગત વર્ષની વાર્ષિક સામાન્ય સભાના ઠરાવોને બહાલી આપવામાં આવી હતી. વર્ષ - ૨૦૨૫/૨૦૨૬ના હિસાબી સરવૈયુને હરેશભાઈ ટંડેલે વાંચનમાં લઈ સર્વાનું મતે મંજૂરી આપવામાં આવી હતી. ટ્રસ્ટી મંડળ અને સલાહકાર સમિતિમાં ખાલી પડેલી જગ્યાએ જીતેન્દ્રભાઈ એમ. ટંડેલ તથા હરેશભાઈ વી. ભગતની નિમણુક થઈ હતી. વર્ષ - ૨૦૨૬ - ૨૭ માટે ઓડિટરની નિમણૂક સહિત વિવિધ મુદ્દાઓ પણ ચર્ચા માં લેવામાં આવ્યા હતા. પ્રમુખ વિશ્વજીતભાઈ ટંડેલે પોતાના સંબોધનમાં સમાજની એકતા, શિક્ષણ, આરોગ્ય, મહિલા અને યુવાઓની ભાગીદારી તથા સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## અખબાર : માત્ર સમાચાર નહીં, એક સાંસ્કૃતિક માધ્યમ

**ભાગ્યેન્દ્ર પટેલ**
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)


એ પણ એક સમય હતો જ્યારે સવારની શરૂઆત અખબારથી થતી. બહુ જૂનીપુરાણી વાત નથી માંડ બે-અઢી-દાયકા અગાઉની વાત છે અખબાર સવારની તાજગી બની રહેતું. વહેલી સવારે કાગડોળે ફેરિયાની રાહ જોવાતી હોય ને અખબાર આવે એટલે લાગે કે દુનિયા આંગણે આવી ઊભી. ચાની ચુસકી સાથે અખબાર ખૂલે. પાનાં ફેરવાતાં જાય; તેમાં ઘરના દરેક સભ્ય માટે કંઈક ને કંઈક વાંચવાનું હોય. કોઈને દેશ-દુનિયાના સમાચાર ગમે, કોઈને રમતગમત, કોઈને સાહિત્ય, કોઈને ફિલ્મો, કોઈને સ્થાનિક સમાચાર અને કોઈને જાહેરખબરો. એક જ અખબાર, પરંતુ આખા પરિવારની અલગ-અલગ રુચિઓને પોતાની અંદર સમાવી લેતો એક જ કાગળ સંપુટ. આ તો થઈ ઘરની વાત પણ ચા-નાસ્તા, પાન-બીડીના લારી-ગલ્લાઓ પર લોકો છાપું ફંફોસતા હોય. બસ-ટ્રેનમાં છાપાનું પાનું સહેજમાં એક-બીજા પાસેથી માંગીને વાંચી શકાતું હોય. સાર્વજનિક પુસ્તકાલયો અને કાર્યાલયોમાં પ્રતીક્ષાકક્ષમાં છાપું શોભતું હોય. આમાં સર્વત્ર અખબારની હાજરીનો વિશેષ દબદબો રહેતો. આ રીતે અખબાર એટલે કે છાપું યાને માત્ર સમાચાર આપનારું જ નહીં પણ એક આખું સાંસ્કૃતિક માધ્યમ—પરિવારને, સમાજને અને સંસ્કૃતિને સાંકળતું એક વગર ટાંકણીએ સંધાયેલું માધ્યમ.

ઘરમાં અખબાર આવવાની પોતાની એક મજા. સામાન્ય રીતે ઘરના વડીલ પહેલાં અખબાર વાંચે. પછી એ જ અખબાર બીજા સભ્યના હાથમાં જાય. કોઈ એક પાનું વાંચે, કોઈ બીજું. ક્યારેક તો પતિ-પત્ની સાથે બેસીને એક જ અખબાર વાંચતા હોય. એક જ પાનું બંનેની વચ્ચે ખુલેલું હોય. કોઈ સમાચાર વાંચીને એકબીજાને સંભળાવે, કોઈ ઓળખીતા માણસનું નામ દેખાય તો ધ્યાન દોરે, કોઈ લેખ પર ચર્ચા થાય, કોઈ જાહેરાત જોઈને ઘરની કોઈ જરૂરિયાત યાદ આવે. અખબાર વાંચવું એટલે માત્ર વાંચવું નહીં; સાથે બેસવું, વાત કરવી અને થોડો સમય એકબીજા સાથે વહેંચવો પણ હતો.

મહારાષ્ટ્રના નાગપુરમાં 'લોકમત' દૈનિકની કચેરી પાસેના ચોકમાં એક સુંદર શિલ્પ શોભે છે. એક પુરુષ અને એક સ્ત્રી સાથે બેસીને અખબાર વાંચી રહ્યાં છે. પહેલી નજરે આ અખબાર વાંચતા બે વ્યક્તિઓનું દૃશ્ય માત્ર છે પણ એમાં એક એવો આખો સમય દેખાય છે જેમાં અખબારી-સંસ્કૃતિ પથ્થરમાં કંડારાઈ ગઈ છે. એમાં ઘરની સવાર છે. એમાં પતિ-પત્નીનો સહવાસ છે. એમાં એક જ અખબારને સાથે વાંચવાની ટેવ છે. એમાં વાંચન સાથે સંવાદ છે, સંવાદ સાથે સ્નેહ છે અને સ્નેહ સાથે પરિવારની એક નાની સાંસ્કૃતિક દુનિયા છે. મને તો એ પ્રતિમા અખબારની પ્રતિમા કરતાં પણ વધારે એક સામૂહિક વાંચન-સંસ્કૃતિની પ્રતિમા લાગે છે. એ જ સંસ્કૃતિ ઘરની બહાર પણ હતી. ચાની લારી હોય, પાનની દુકાન હોય, નાની રેસ્ટોરન્ટ હોય કે બજારની કોઈ દુકાન—સવાર પડતાં જ કોઈને કોઈ અખબાર હાથમાં જોવા મળતું.

એક વ્યક્તિ છાપું વાંચતી હોય અને તેની બાજુમાં ઊભેલા બીજા માણસની નજર પણ એ જ પાના પર પડી જાય. કોઈ સમાચાર વાંચીને વાત શરૂ થાય અને થોડી જ વારમાં બે-ચાર લોકો એ ચર્ચામાં જોડાઈ જાય. એક અખબાર કેટલાય લોકો વચ્ચે વહેંચાતું અને એક સમાચાર કેટલાય લોકો વચ્ચે સંવાદનું કારણ બનતું.

આજે આવી નાની-નાની છાપાની દુકાનો કે રેંકડીઓ બહુ ઓછી જોવા મળે છે. પહેલાં રસ્તાની બાજુએ અખબારોની ગોઠવણી જોવા મળતી; વિવિધ ભાષાનાં, વિવિધ શહેરોનાં અને વિવિધ વિષયોનાં છાપાં એક સાથે પડ્યાં હોય. હવે એ દૃશ્યો ધીમે ધીમે દુર્લભ બની રહ્યાં છે. પરંતુ જ્યાં હજુ પણ હોટલોમાં, એરપોર્ટ પર, રેલવે



સ્ટેશનના વેઈટિંગ એરિયામાં કે કેટલીક રેસ્ટોરન્ટમાં અનેક અખબારો એકસાથે ગોઠવેલા જોવા મળે છે, ત્યાં એક અલગ જ આહલાદક અનુભવ થાય છે. એક નજર પડે અને મન થાય—ચાલો, આજે જોઈએ કે દુનિયામાં શું ચાલી રહ્યું છે! હાથ આગળ વધે, કોઈ એક અખબાર ઉઠાવીએ, પહેલું પાનું ખોલીએ અને પછી જાણે આપોઆપ બીજાં પાનાં તરફ વળીએ. એ ક્ષણે સમજાય છે કે કાગળ પર છપાયેલા શબ્દોનું આકર્ષણ હજુ પૂરું થયું નથી.

આજે સમાચાર મેળવવાનાં માધ્યમો અનેક છે. મોબાઈલની એક ક્લિકથી દેશ-દુનિયાના સમાચાર સામે આવી જાય છે. ટીવી પર સતત સમાચાર ચાલે છે. ઈ-પેપર રાત્રે જ વાંચી શકાય છે. ગુજરાત કે મુંબઈમાં છપાયેલું અખબાર બીજા દિવસે દિલ્હીમાં મળતું ત્યારે હજી સમાચાર વાસી થયેલા ન લાગતા. પોતાની ભાષાના પોતાની ભૂમીથી આવેલા છાપાનો સહવાસ નવી તાજગી આપી જતો. જોકે હવે એ દિવસો નથી રહ્યા, દિલ્હીમાં હવે ગુજરાતી છાપાં નથી મળતાં. મંગાવવા માટે સોના કરતાં ઘડમાં મોંઘું એમ છાપાની કીમત કરતાં તો કોરિયર/ટપાલ ખર્ચ મોંઘો. અને એમ તોય આજકાલ ટપાલ/કોરિયરનો સમયે કે બીજા જ દિવસે પહોંચવાનો કોઈ ભરોસો નહીં. દલીલ એવી પણ કરાય કે જ્યારે બધું જ ઓનલાઈન ઈ-પેપર ઉપલબ્ધ છે તો પછી છપાયેલ કાગળની રાહ શીદ જોવી? અગાઉ શહેરોમાં સવારનું, બપોરનું કે સાંજનું—અખબાર મેળવવાની કેવી રંગત રહેતી! ક્યાં ગઈ એ રંગત? આજે તો બીજી જ પળે દુનિયાભરની ખબરો ઓડિયો-વિડિઓ ને વાંચવાના એવા કોઈ પણ માધ્યમે સુલભ થઈ ગઈ છે. એવામાં અખબાર પણ મોબાઈલમાં જ સમાઈ ગયું.

આ બધું છતાં ટેકનોલોજીના બદલાવ કારણે અખબારનું મહત્વ ઓછું થયું એવું કહેવું કે માનવું જરાય યોગ્ય નથી. સમાચાર મેળવવાની રીત બદલાઈ છે. પરંતુ અખબારનું એક વિશેષ સ્થાન આજે પણ છે. કારણ કે અખબાર આપણને માત્ર સમાચાર આપતું નથી; તે આપણને વાંચવાનો સમય આપે છે. આપણા બેઉ હાથમાં સમાચારોની દુનિયા ઝલાયેલી હોય છે. મોબાઈલ/ડિજિટલ સ્ક્રીન પર આપણે સમાચાર તરફ દોડીએ, પણ અખબારમાં આપણે સમાચારની વચ્ચે ફરતા હોઈએ છીએ. એક સમાચાર વાંચતાં વાંચતાં બાજુમાંનું શીર્ષક નજરે પડે, કોઈ લેખનું મથાળું આકર્ષે, કોઈ તસવીર ધ્યાન ખેંચે, કોઈ જાહેરખબર યાદ રહી જાય. એટલે અખબારનું વાંચન ઘણી વાર આપણા પસંદ કરેલા સમાચાર પૂરતું સીમિત નથી રહેતું;

અખબાર પોતે આપણને વાંચનના નવા રસ્તા બતાવતું રહે છે. એ વાત ચોક્કસ કે આભાસી સ્ક્રીન પરનું જાણે જોયા પછી ભૂંસાઈ જાય છે જ્યારે છાપાનું છપાયેલું વાંચન સ્મૃતિમાં કોતરાઈ જાય છે.

અખબારની જિંદગી સમાચાર પૂરા થયા પછી પણ પૂરી થતી નહોતી. અખબારનું કટિંગ સાચવી રાખવું. જૂનું થયેલું અખબાર પસ્તીમાં વેચવું, ક્યાંક પાથરવા, સાફ-સફાઈ કરવા, પડીકું બાંધવા, કશુંક ઢાંકવા—વિચાર કરો કે અખબારનો કાગળ ક્યાં-ક્યાં ને કયાં કયાં કામમાં આવતો! આ રીતે અખબાર એક એવી વસ્તુ હતી જે પહેલાં જ્ઞાન આપતી, પછી ચર્ચા કરાવતી અને અંતે ઉપયોગી કાગળ બનીને પણ ઘરના જીવનમાં પોતાની ભૂમિકા ભજવતી. આ રીતે અખબારની સૌથી મોટી વિશેષતા એની સાંસ્કૃતિક ભૂમિકા છે. અખબાર ઘરમાં આવતું એટલે ઘરમાં બહારની દુનિયા આવતી. ખબર, માહિતી, સાહિત્ય, કલા, રમતગમત, સમાજ - બધુ જ આવે. એટલે જ અખબાર એ તો ઘરની ચાર દીવાલો અને બહારની દુનિયા વચ્ચેની એક બારી!

માધ્યમો બદલાયાં. કાગળનું સ્થાન ઈ-પેપરે ભલે લીધું. સમાચારની ગતિ ભલે ઝડપી બની, પરંતુ કાગળ પર છપાયેલા શબ્દો સાથેનો આપણો સંબંધ અને એક સાથે બેસીને વાંચવાની એ સંસ્કૃતિ આપણને વારંવાર યાદ અપાવતી રહેશે કે માહિતી મેળવવી અને વાંચન કરવું—બંને એક જ વાત નથી. અખબાર આપણને વાંચવા ને વિચારવાની એ એક રીત, એક ટેવ આપે છે તેમાં ઘર-સમાજ સાથે સંકળાયેલા રહેવાની સંસ્કૃતિ આપે છે. આ સંસ્કૃતિના જતન કાજે આપણે શું કરીએ - અખબાર મંગાવીએ, અખબાર ખરીદીએ, અખબારને સાચવીએ, ઘર અને સંબંધોને સાચવીએ.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત

## મમતા કુલકર્ણી ફરી ગ્લેમરસ અંદાજમાં



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** ૨૦૨૫ના મહાકુંભ મેળા દરમ્યાન ગ્લેમરની દુનિયા છોડીને આધ્યાત્મિકતાને અપનાવનાર મમતા કુલકર્ણી ફરી એકવાર પોતાના નવા લૂક માટે સમાચારમાં ચમકી છે.કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિયુક્ત થયા પછી વિરોધના પગલે પોતાના પદ પરથી રાજીનામુ આપનાર મમતા હવે આધુનિક અવતારમાં અને ‘કરણ અર્જુન’ના ગીત પર ડાન્સ કરતી જોવા મળી છે. તે મનોરંજન ઉદ્યોગમાં કમબેક માટે તૈયારી કરી રહી હોવાનું ચર્ચાય છે.તાજેતરમાં ભગવા વસ્ત્રો પહેરતી મમતા હવે ગ્લેમરસમાં પોષાકમાં જોવા મળી છે. સોશિયલ મીડિયા યુઝર્સે સાધ્વી બનવાનાના તેના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા.કેટલાકે તેના આધ્યાત્મિક નિર્ણય પર ટિપ્પણી કરી, જ્યારે ઘણા ચાહકોએ તેના ડાન્સની પ્રશંસા કરી હતી.માર્ચમાં મમતા એક રસોઈ રિયાલિટી શો ‘લાફ્ટર શેફ્સ’માં મહેમાન તરીકે દેખાઈ હતી. નારંગી સાડીમાં તેણે સ્પર્ધકો સાથે મસ્તી મજાક કર્યા અને તેના લોકપ્રિય ગીત પર ડાન્સ પણ કર્યો. સામાજિક મેળાવડા અને ટીવી શોમાં તેની વારંવાર હાજરીથી સવાલ ઉઠયા છે કે શું મમતા બેનર્જી ફરી મનોરંજન ઉદ્યોગમાં પાછા ફરવાની તૈયારી કરી રહી છે કે કેમ.

## અંજલિ અરોરાની ‘રામાયણ’માં વાનરને ચશ્મા પહેરેલા જોઈને લોકો ભડક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** સોશિયલ મીડીયા સ્ટાર અને એક્ટ્રેસ અંજલિ અરોરાની ફિલ્મ ‘મહાકાવ્ય શ્રી રામાયણ કથા’ તેની જાહેરાત બાદથી જ ચર્ચામાં છે. જો કે શરૂઆતથી જ ફિલ્મના વખાણ ઓછા અને ટ્રોલિંગનો સામનો વધારે કરવો પડ્યો છે. એક તો બોક્સ ઓફિસ પર ફિલ્મની ઘણી જ ખરાબ શરૂઆત થઈ છે.તો બીજી તરફ હવે ફિલ્મના એક પોસ્ટરમાં ભયંકર ભૂલને કારણે મેકર્સનું ઓનલાઇન ટ્રોલિંગ પણ શરુ થઇ ગયું છે. એક સીનમાં તો વાનર સેનાનો એક શખ્સ ચશ્મા લગાવેલો નજરે પડે છે. તે સીનની તસવીર હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે અને લોકો જુદા જુદા પ્રકારના મીમ બનાવી રહ્યા છે. ‘મહાકાવ્ય શ્રી રામાયણ કથા‘ નું જ્યારે ટ્રેલર આવ્યું હતુ ત્યારે તેને વિઝ્યુઅલ ઈફેક્ટ્સના કારણે ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. તો કેટલાક લોકોએ માતા સીતાના રોલમાં અંજલિ અરોરાના કાસ્ટિંગ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પણ કાસ્ટ રિવીલિંગવાળા એક પોસ્ટરમાં




સુગ્રીવની પાછળ વાનર સેનામાં રહેલો એક એક્ટર ચશ્મા પહેરેલો જોવા મળ્યો છે, ત્યાર બાદ આ ફિલ્મના મેકર્સની મજાક ઉડાવાઇ રહી છે. સોશિયલ મીડિયા પર ‘મહાકાવ્ય શ્રી રામાયણ કથા’નું આ પોસ્ટર વાયરલ થઈ રહ્યું છે. પરંતુ જેવી લોકોની નજર ચશ્મા પર પડી, લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને આટલી મોટી ભૂલ બદલ મેકર્સનું ટ્રોલિંગ શરૂ કરી દીધું. એક યુઝરે તસવીર શેર કરતા લખ્યું, “ત્રેતા યુગમાં પણ ચશ્મા પહેરતા હતા.” એક વ્યક્તિએ મજાક ઉડાવતા લખ્યું, “કેમ નહીં ભાઈ, ત્રેતા યુગમાં લોકોની આંખો નહોતી શું?” એક જણે લખ્યું, “આમાંથી કોઈ પણ વાનર જેવું નથી લાગતું.”એક યુઝરે લખ્યું, “આ કેવી વાનર સેના છે? ઈવોલ્યુશન (ઉત્ક્રાંતિ) કંઈક વધુ જ જલ્દી થઈ ગઈ.” એકે લખ્યું, “અરે ભાઈ, મેટાનું રેકોર્ડિંગ વાળું હશે.” એકે તો ફિલ્મ પર જ સવાલ ઉઠાવ્યો અને કહ્યું, “હું વિચારી રહ્યો છું કે તેઓએ આ ફિલ્મ જ કેમ બનાવી?” સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી આ તસવીર હવે મેકર્સના સત્તાવાર ઈન્સ્ટા પેજ પર નથી. મહોબિયા ફિલ્મ પ્રોડક્શનના ઈન્સ્ટાગ્રામ પેજ પર ત્રણ દિવસ પહેલા મેકર્સે ફિલ્મના તમામ પાત્રોને રજૂ કર્યા હતા.આમાં દશરથ, વિશ્વામિત્ર, કૈકેયી, મંથરા, પરશુરામ, વિભીષણ, શૂર્પણખા જેવા રામાયણના મહત્વપૂર્ણ પાત્રો સામેલ છે. જોકે આ યાદીમાં સુગ્રીવવાળું તે વિવાદિત પોસ્ટર નથી.




### થાણેમાં સેક્સ રેકેટ ઝડપાયું


## પાંચ ફિલ્મ, ૧૦ વેબસીરિઝમાં કામ કરી ચૂકેલી અભિનેત્રીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**થાણે, તા.૨૮:** થાણે પોલીસના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલે સેક્સ રેકેટનો પર્દાફાશ કરીને અભિનેત્રીની ધરપકડ કરી હતી, જ્યારે બે મહિલાનો છુટકારો કરાવ્યો હતો. અભિનેત્રીએ ત્રણ ભોજપુરી સહિત પાંચ ફિલ્મ અને ૧૦ વેબસીરિઝમાં કામ કર્યું છે.થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં પડવળ નગર ખાતે આવેલ હોટેલ સાંઇ બાર એન્ડ રેસ્ટોરાંમાં દેહવ્યાપાર માટે અમુક મહિલા તથા યુવતીઓને લાવવામાં આવવાની હોવાની માહિતી પોલીસને મળી હતી. આથી પોલીસની ટીમે શનિવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવ્યું હતું.દરમિયાન અભિનેત્રી બપોરે બાર એન્ડ રેસ્ટોરાંમાં આવતાં પોલીસે તેને તાબામાં લીધી હતી અને બે મહિલાનો ત્યાંથી છુટકારો કરાવ્યો હતો, જેને દેહવ્યાપારમાં ધકેલાઇ હતી. બંને મહિલાને ત્યાર બાદ સુધારગૃહમાં મોકલી આપવામાં આવી હતી.શ્રીનગર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે અભિનેત્રી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેની ધરપકડ કરાઈ હતી. અભિનેત્રી કેટલાક સમયથી સેક્સ રેકેટ ચલાવી રહી હતી અને તે કોના કોના સંપર્કમાં હતી, તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર પકડાયેલી અભિનેત્રીએ ધ અનવોન્ટેડ ગિફ્ટ, જિલ્લા ગ્રિડી ફિલ્મ તથા ત્રણ ભોજપુરી ફિલ્મમાં અભિનય કર્યો છે. એ સિવાય તુ દેખ મેરી ફોટો, બંધ દરવાજા સહિત ૧૦ વેબસીરિઝમાં કામ કર્યું છે.

### કેન્સરના કારણે અભિનેતા મુશ્તાક ખાન અવસાન પામ્યા

## સ્ટાર્સ પાસે લગ્નોમાં મ્હાલવા સમય છે અંતિમવિધિમાં હાજરી માટે નથી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** કેન્સરના કારણે ૭૫ વર્ષની વયે અવસાન પામેલા અભિનેતા મુશ્તાક ખાનની અંતિમ ક્રિયામાં હાજરી ન આપવા બદલ પીઢ અભિનેતા રઝા મુરાદે બોલીવૂડના સ્ટાર્સની ટીકા કરી છે. મુંબઈમાં થયેલી અંતિમ ક્રિયામાં મુશ્તાકના અનેક સાથીદારો હાજર રહ્યા હતા, પણ અગ્રણી સ્ટાર્સની ગેરહાજરીએ મુરાદને ઉદ્યોગની પ્રાથમિકતાઓ અને તેના એક અનુભવી કલાકાર પ્રત્યેની જવાબદારીની ભાવના પર પ્રશ્ન ઉઠાવવા પ્રેર્યા હતા.સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં મુરાદે કહ્યું કે ખાને લગભગ પચાસ વર્ષ સિનેમાને સમર્પિત કર્યા હતા અને તેમની સાથે કામ કરનારાઓ તરફથી સન્માનજનક અંતિમ વિદાયને પાત્ર હતા. મુરાદે આવેશમાં કહ્યું કે બોલીવૂડના મેગા સ્ટાર્સ હાઈ પ્રોફાઈલ લોકોને ત્યાં લગ્નોમાં વેઈટર તરીકે હાજરી આપવા પણ પડાપડી કરે છે પણ પોતાના સહકલાકારને અંતિમ વિદાયઆપવાનોતેમનીપાસેસમય નથી.મુશ્તાક ખાનને મુંબઈમાં રાજપાલ યાદવ, અનુ કપૂર, સંજય મિશ્રા, સુલભા આર્ય, મનિષ વાધવા, શહેઝાદ ખાન અને ફિલ્મ નિર્માતા અનીસ બઝમી સહિતના સાથીદારોનીહાજરીમાંદફનાવવામાં આવ્યા હતા. મુરાદે પોતાના લાંબા સમયના મિત્રને ગુમાવવા બદલ શોક વ્યક્ત કરતા ખાનને એક બહુમુખીઅભિનેતા, સૌમ્ય માનવી અને માનવ રત્ન ગણાવ્યા હતા.

### મુંબઈના CSMT સ્ટેશન પર

## ૨૬/૧૧ના આતંકી હુમલાના કેસ પર આધારિત ફિલ્મનું ટ્રેલર લોન્ચ થશે

**પહેલી વાર આ સ્ટેશન પર રાજકુમાર રાવ સ્ટારર ‘પ્રહાર’નું ટ્રેલર ૨૯ સપ્ટેમ્બરે લોન્ચ થશે**


(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** મુંબઈના ઐતિહાસિક છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (ઝજીસ્) પર પહેલીવાર કોઈ ફિલ્મની ટ્રેલર લોન્ચ ઈવેન્ટ યોજાવા જઈ રહી છે. મેડોક ફિલ્મ્સની આગામી કોર્ટરૂમ ડ્રામા પ્રહારઃ ધ અનટોલ્ડ સ્ટોરી ઑફ ઉજ્જવલ નિકમનું ટ્રેલર ૨૯ સપ્ટેમ્બરની સાંજે ઝજીસ્ ખાતે લોન્ચ કરવામાં આવશે. આ પ્રસંગે રાજકુમાર રાવ, વામિકા ગબ્બી, નિર્માતા દિનેશ વિજાન, જાણીતા સરકારી વકીલ ઉજ્જવલ નિકમ અને દિગ્દર્શક અવિનાશ અરુણ હાજર રહેવાની શક્યતા છે.ફિલ્મની કહાણી સાથે ઝજીસ્નું જોડાણ પણ ખાસ છે. પ્રહારમાં જાણીતા સરકારી વકીલ ઉજ્જવલ નિકમ દ્વારા લડવામાં આવેલા કેટલાક મહત્વના કેસો અને કાનુની સંઘર્ષોને રજૂ કરવામાં આવ્યા છે. તેમાં ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલા અને આરોપી અજમલ કસાબ સામે ચાલેલા કેસ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.૨૬ નવેમ્બર, ૨૦૦૮ની રાત્રે આતંકવાદીઓએ ઝજીસ્ને પણ નિશાન બનાવ્યું હતું. હુમલામાં જીવતો ઝડપાયેલો એકમાત્ર આતંકવાદી અજમલ કસાબ બાદમાં વિશેષ અદાલતમાં ચાલેલા કેસમાં આરોપી બન્યો હતો અને ઉજ્જવલ નિકમ આ કેસમાં વિશેષ સરકારી વકીલ હતા. તેથી ફિલ્મનું ટ્રેલર એ જ સ્થળે લોન્ચ થવું તેની કહાણી સાથે સીધું જોડાણ ધરાવે છે.ઝજીસ્ પર અગાઉ પણ ફિલ્મી કલાકારોની પ્રમોશનલ પ્રવૃત્તિઓ થઈ ચૂકી છે. ૨૦૧૯માં કંગના રણોતે પંગાના પ્રમોશન દરમિયાન ટિકિટ કાઉન્ટર પર બેસીને મુસાફરોને લોકલ ટ્રેનની ટિકિટ આપી હતી. ૨૦૧૮માં અનુપમ ખેરે સેન્ટ્રલ રેલવેના ‘એક સફર રેલ કે સાથ’ સુરક્ષા અને જનજાગૃતિ અભિયાનમાં ભાગ લીધો હતો.જોકે પ્રહારનું ટ્રેલર લોન્ચ ઝજીસ્ પર યોજાનાર સંપૂર્ણ ફિલ્મ પ્રમોશનલ ઈવેન્ટ તરીકે ખાસ બની રહ્યું છે. ઈવેન્ટ સ્ટેશનના પ્રમાણમાં ઓછા ભીડવાળા ભાગમાં યોજાશે, પરંતુ સાંજના પીક અવર્સ દરમિયાન કાર્યક્રમ હોવાથી આયોજકો અને રેલવે તંત્ર માટે મુસાફરોની અવરજવર તથા ભીડનું સંચાલન મહત્વનું રહેશે.

## ‘હીરોની પત્નીને પસંદ ન હોવાથી મને ફિલ્મમાંથી કાઢી મુકી’ : તાપસી પન્નુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** તાપસી પન્નુએ પોતાની કારકિર્દી દરમિયાન ફિલ્મોમાંથી રિપ્લેસ કરવામાં આવેલા કેટલાક પ્રસંગો વિશે એક ઈન્ટરવ્યુમાં વાત કરી છે. તાપસીએ જણાવ્યું કે કેટલીક વખત તેને ફિલ્મમાંથી કેમ દૂર કરવામાં આવી તે અંગે સ્પષ્ટ કારણ પણ આપવામાં આવ્યું નહોતું. એક પ્રસંગને યાદ કરતાં તેણે કહ્યું કે ફિલ્મના હીરોને પોતે ફિલ્મમાં જોઈતી નહોતી, જ્યારે અન્ય એક કિસ્સામાં તેને એવું કારણ આપવામાં આવ્યું હતું કે “હીરોની પત્નીને તમે પસંદ નથી.”તાપસીએ કહ્યું કે તેને એક ફિલ્મમાંથી હીરોના કહેવાથી રિપ્લેસ કરવામાં આવી હતી. કારણ અંગે તેને કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નહોતો. તેનાં મતે તેની પાછળ અસુરક્ષા, હીરોની કોઈ



અન્ય અભિનેત્રી સાથેનાં સંબંધો જેવા અનેક કારણો હોઈ શકે છે, પરંતુ તેને ચોક્કસ કારણ જણાવવામાં આવ્યું નહોતું.આ પછી તેણે તેને પોતાને મળેલું “સૌથી ખરાબ કારણ” ગણાવતા કહ્યું કે તેને કહેવામાં આવ્યું હતું, “હીરોની પત્નીને તમે પસંદ નથી.” જોકે તાપસીએ હીરો કે તેની પત્નીની ઓળખ જાહેર કરી નથી.તાપસીએ પોતાના કામની પસંદગી અંગે પણ વાત કરી. તેનાં મતે ફિલ્મ ઉદ્યોગમાં કેટલાક પ્રકારના પાત્રો માટે નિશ્ચિત કલાકારોની પસંદગી કરવામાં આવે છે. ગ્લેમરસ ભૂમિકાઓ માટે અલગ અભિનેત્રીઓ અને ગંભીર અથવા સામાજિક મુદ્દાઓ આધારિત ફિલ્મો માટે અલગ અભિનેત્રીઓનો સમૂહ હોવાની તેણે વાત કરી.સતત એક જ પ્રકારના રોલથી બચવા માટે તાપસી કેટલીક ફિલ્મો નકારી કાઢે છે. તેણે કહ્યું કે જો દર્શકો અભિનેત્રીને જોઈને જ ફિલ્મનાં અંત વિશે અનુમાન કરી શકે તો તે પ્રોજેક્ટ સ્વીકારવાનો અર્થ નથી. તેથી ક્યારેક તે નિર્માતાઓને પોતાને કાસ્ટ ન કરવાની સલાહ પણ આપે છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો તાપસી છેલ્લે દેવાશિષ મખીજાની એક્શન-થ્રિલર ગાંધારીમાં જોવા મળી હતી.

## મહિલાઓ માટે સારા પાત્રો બહુ ઓછા આવે છે : ફાતિમા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** ફાતિમા સના શેખે પોતાની એક દાયકાની કારકિર્દીમાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. દંગલમાં ગીતા ફોગટથી લઈને વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સુધીના પાત્રો ભજવનારી ફાતિમા હવે નવી વેબ સિરીઝ હુંકારમાં પોલીસ અધિકારીની ભૂમિકામાં જોવા મળે છે. જોકે સનાનું કહેવું છે કે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓ માટે આજે પણ ઊંડાણવાળા અને વિવિધ પરિમાણ ધરાવતા પાત્રોની સંખ્યા ઓછી છે.જિયો હોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ રહેલી હુંકારમાં ફાતિમા એસીપી જસલીન સિંહ સોઈનનું પાત્ર ભજવે છે. સિરીઝમાં એક કિશોર દ્વારા સ્વયંભૂ ધર્મગુરુ પર જાતીય શોષણનો આરોપ મુકવામાં આવે છે અને જસલીન આ કેસની તપાસ કરે છે.ફાતિમાએ કહ્યું કે મહિલાઓ માટે સારા પાત્રો બહુ ઓછા આવે છે. તેનાં મતે પુરુષ કલાકારોને પાત્રોમાં વધુ ઊંડાણ સાથે પોતાની અભિનય ક્ષમતા દર્શાવવાની તકો મળે છે. મહિલાઓનાં પાત્રોમાં પણ ગ્રે શેડ્સ હોય ત્યારે ઘણી વખત તેમને ‘વેમ્પ’ કે ‘ચુડેલ’ જેવા પરંપરાગત સ્ટીરિયોટાઈપમાં રજૂ કરવામાં આવે છે. ફાતિમાનું કહેવું છે કે એક મહિલા પાત્ર એકસાથે ગૂંચવણભર્યું, જટિલ અને માનવીય પણ હોઈ શકે છે.ફાતિમા આ સ્થિતિને માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી પુરતી મર્યાદિત માનતી નથી. તેનાં મતે સિનેમા સમાજનું પ્રતિબિંબ છે અને સમાજમાં સ્ત્રી-પુરુષની ભૂમિકાઓ અંગેની સ્પષ્ટ ધારણાઓ પડદા પર પણ જોવા મળે છે. કલાકારો ક્યારેક પોતાની પસંદગીનું કામ ન મળવા છતાં પ્રોજેક્ટ સ્વીકારે છે તે અંગે ફાતિમાએ સ્પષ્ટ કહ્યું, “અમે કોઈ અમીર ઘરમાંથી તો આવતાં નથી.” તેનાં મતે ઘણી વખત વિકલ્પો મર્યાદિત હોય છે અને જે કંઈ ઉપલબ્ધ હોય તેમાં શ્રેષ્ઠ પસંદગી કરવી પડે છે. કોઈ ફિલ્મ કે શો સફળ થાય તો આગળ અનેક તકો મળે છે, જ્યારે પ્રોજેક્ટ ન ચાલે તો વિકલ્પો પણ ઘટી જાય છે. તેણે કહ્યું કે કલાકાર અલગ પ્રકારનું કામ કરવાની ઈચ્છા રાખે છે, પરંતુ અંતે નિર્માતા પોતે ન હોવાથી આર્થિક જરૂરિયાતને પણ ધ્યાનમાં લેવી પડે છે.

## આઈફા એવોર્ડ ૨૦૨૭ અબુધાબીમાં બાવીસ-ત્રેવીસ જાન્યુઆરીએ યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૬ :** છવ્વીસ વર્ષથી યોજાતાં ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી એટલે કે આઈફા એવોર્ડ ૨૦૨૭માં અબુધાબીમાં યાસ આઈલેન્ડ ખાતે ઈત્તિહાદ અરેનામાં યોજાશે. ૨૨ અને ૨૩ જાન્યુઆરીએ યોજાનારા આઈફા એવોર્ડને કરણ જોહર અને વરૂણ ધવન હોસ્ટ કરશે.આ વર્ષે આઈફા એવોર્ડ ૨૦૨૭માં સલમાનખાન, શાહિદ કપૂર, કરીના કપૂર અને જાહ્નવી કપૂર પરફોર્મ કરશે. આ સાથે યોજાનારા આઈફા ડિજિટલ એવોર્ડ ૨૦૨૭ને પંકજ ત્રિપાઠી અને અલી ફઝલ હોસ્ટ કરશે. પહેલીવાર હોસ્ટ બની રહેલાં પંકજ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે હું મોટાભાગે કેમેરાની સામે પાત્રો દ્વારા સ્ટોરીઓ કહેતો આવ્યો છું પણ આઈફાના સ્ટેજ પર હું પહેલીવાર હોસ્ટ તરીકે અલગ ભૂમિકા ભજવીશ. આઈફા એવોર્ડસ ૨૦૨૭ અને યુ ટયુબ વચ્ચે વ્યૂહાત્મક પાર્ટનરશિપના ભાગ તરીકે આ શોને યુ ટયુબ પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી-આઈફા-વીક એન્ડ એન્ડ એવોર્ડસના ડાયરેક્ટર આન્દ્રે ટિમિસે જણાવ્યું હતું કે આઈફાનું દરેક નવું પ્રકરણ ભારતીય સિનેમાના જાદુને દુનિયા સમક્ષ રજૂ કરવાની મહત્વાકાંક્ષાથી પ્રેરિત હોય છે.

## રિસ્ટોર થયેલી ‘પાકીઝા’ ભવ્ય જાગતિક પ્રીમિયર માટે તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૬ :** મીનાકુમારી અભિનિત ૧૯૭૨ની આઈકોનિક ક્લાસીક પાકીઝાને ૪કેમાં રિસ્ટોર કરવામાં આવી છે અને લિયોન, લાન્સ તેમજ બીએફઆઈ લંડન ફિલ્મ ફેસ્ટીવલમાં ફેસ્ટીવલ લ્યુમીર ખાતે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્ક્રીનિંગ માટે તૈયાર છે. ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન (એફએચએફ) દ્વારા કરાયેલ બે વર્ષના સંઘર્ષયુક્ત રિસ્ટોરેશન કાર્યએ મૂળ ફિલ્મી સામગ્રીને થયેલી ગંભીર ક્ષતિઓ છતાં કમાલ અમરોહીની પ્રસિદ્ધ માસ્ટરપીસને પુનર્જીવિત કરી છે.મૂળ કેમેરા નેગેટીવ લગભગ ઓગળી ગઈ હોવાથી રિસ્ટોરેશન કાર્ય અતિશય પડકારજનક બન્યું હતુ જ્યારે અન્ય બચી ગયેલા ઘટકોના રંગ ઉડી ગયા હતા, ઘસરકા થઈ ગયા હતા અને તેના પર ફૂગ જામી ગઈ હતી. એફએચએફના ડાયરેક્ટર શિવેન્દ્ર સિંઘ ડુંગરપુર અને તેમની ટીમે સંદર્ભ માટે મૂળ ફિલ્મની તસવીરોનો ઉપયોગ કર્યો તેમજ અમરોહીના સંતાનો તજદાર અને રુખસારની સલાહ લીધી, જેમના સેટ પરના સંસ્મરણોએ ફિલ્મસર્જકની મૂળ કૃતિને ફરી સજીવ કરવામાં સહાય કરી.પાકીઝાની પોતાની પંદર વર્ષોની એક અસાધારણ અને અડચણોથી ભરેલી સફર રહી હતી. ૧૯૫૦ના દાયકામાં મીના કુમારીને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી આ કલાકૃતિએ નિર્માણ દરમ્યાન કાસ્ટિંગમાં અનેક ફેરફાર, પટકથામાં વારંવાર બદલાવ, સ્ટુડિયોમાં આગ અને સૌથી વધુ કમાલ અમરોહીની ચોકસાઈના આગ્રહનો સામનો કરવો પડયો. જો કે કમાલ અમરોહી અને મીના કુમારી છુટા પડયા પછી પ્રોજેક્ટ પડતો મુકવામાં આવ્યો, પણ ૧૯૬૯માં સુનીલ દત્ત અને નરગીસે બીમાર મીનાકુમારીને ફિલ્મ પૂર્ણ કરવા સમજાવી લીધી.

## ટોરોન્ટો ફેસ્ટિવલમાં ભારતીય ફિલ્મ ‘અંગ’ને એડવાન્ટેજ

**આ વર્ષે TIFFની પ્લેટફોર્મ કોમ્પિટિશન માટે પસંદ થયેલી ‘અંગ’ એકમાત્ર ભારતીય ફિલ્મ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૭ :** એવોર્ડ વિજેતા ફિલ્મમેકર થેજા રિયોની ફીચર ડિરેક્ટોરિયલ ડેબ્યૂ ફિલ્મ ‘અંગ’એ પ્રતિષ્ઠિત ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ([illegible]) ૨૦૨૬ની પ્લેટફોર્મ કોમ્પિટિશન જીતીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે ફિલ્મને ૨૦૨૭ના એકેડેમી એવોર્ડ્સની ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં વિચારણા માટે પાત્રતા મળી છે. [illegible] ૨૦૨૬માં વર્લ્ડ પ્રીમિયર થયેલી ‘અંગ’ને તેના અત્યંત વ્યક્તિગત કથન અને લુપ્ત થતી દુનિયાના સંવેદનશીલ ચિત્રણ માટે દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આ વર્ષે [illegible]ની પ્લેટફોર્મ કોમ્પિટિશન માટે પસંદ થયેલી ‘અંગ’ એકમાત્ર ભારતીય ફિલ્મ હતી. પ્લેટફોર્મ [illegible]ના મુખ્ય સ્પર્ધાત્મક વિભાગોમાંનો એક છે, જેમાં દિગ્દર્શકની મજબૂત દૃષ્ટિ, સાહસિક અભિગમ અને આગવી સિનેમેટિક શૈલી ધરાવતી ફિલ્મોને સ્થાન આપવામાં આવે છે. આ વિભાગના વિજેતાને એકેડેમી એવોર્ડ્સની ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં વિચારણા માટે ઓટોમેટિક ક્વોલિફિકેશન મળે છે. ‘અંગ’નું નિર્માણ નૅન્સી નિસા બેસો અને થેજા રિયોએ કર્યું છે. ઐતિહાસિક જીત અંગે દિગ્દર્શક થેજા રિયોએ કહ્યું કે, આ ફિલ્મ સાથે સંકળાયેલા દરેક વ્યક્તિ માટે આ અત્યંત ખાસ ક્ષણ છે. ડેબ્યૂ ફિલ્મને આ પ્રકારની ઓળખ મળવી દુર્લભ છે અને ‘અંગ’ તેમણે પોતાના વતન, પોતાના લોકો અને પોતાની સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમથી બનાવી છે.તેમણે જણાવ્યું કે ફિલ્મના કેન્દ્રમાં પિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ છે, પરંતુ તેની સાથે જ તેમાં વિદાય લેવાની પ્રક્રિયા, ઘર સાથેનો આપણો સંબંધ અને જીવનની ક્ષણભંગુરતા જેવા વિષયો પણ વણાયેલા છે. તેમના મતે આ એવી લાગણીઓ છે, જે સાર્વત્રિક છે અને દરેક વ્યક્તિ સાથે જોડાયેલી છે.રિયોએ વધુમાં કહ્યું કે પોતાની સમુદાયની બહારના દર્શકો સાથે પણ ‘અંગ’નું જોડાણ સ્થાપિત થયું તે તેમના માટે અત્યંત ભાવુક કરનારી બાબત છે. તેમણે જ્યુરીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે તેમણે ફિલ્મના કામને ઓળખ આપી અને દેશ તથા સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરવાની તક આપી.

## ગુંદલાવ અને પારનેરામાં આંગણ મિલન સેવા અભિયાન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની ઉપસ્થિતિમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા પારનેરા પારડી ગામે વાંકી નદી કિનારે આવેલા શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરના હોલમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું કે, આંગણવાડી બહેનો અને કાર્યકરો સમાજના પાયાના સ્તરે રહીને બાળકોના પોષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યા છે. તેમની સેવા અને સમર્પણને સન્માનિત કરવું એ સમગ્ર સમાજની જવાબદારી છે. આ કાર્યક્રમ દ્વારા સેવા સાથે જોડાયેલા કર્મયોગીઓના સન્માન અને તેમના ઉત્સાહવર્ધનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આંગણવાડી બહેનો અને કાર્યકરો દ્વારા બાળકોના પોષણ, આરોગ્ય તથા સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવવાનો અને તેમનું સન્માન કરવાનો હતો. આ પ્રસંગે આંગણવાડી બહેનો તથા કાર્યકરોને સન્માન સ્વરૂપે સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ સૌના સહભાગિતાથી સામૂહિક ભોજન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વલસાડ જિલ્લા સંગઠન અધ્યક્ષ હેમંત કંસારા, પ્રદેશ સંગઠન મંત્રી સોનલ સોલંકી, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, ICDS શાખાના સીડીપીઓ નીલમ પટેલ, વલસાડ જિલ્લા મહિલા મોરચા પ્રમુખ પ્રવિણા પટેલ, વલસાડ તાલુકા સંગઠન પ્રભારી હિતેશ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ તેજસ પટેલ, વલસાડ જિલ્લા સંગઠન ઉપપ્રમુખ કેયુર પટેલ, વલસાડ તાલુકા સંગઠન મહામંત્રી અમ્રત ટંડેલ ઉપસ્થિત રહ્યાં હતા.

એજ રીતે મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિકસિત ભારત - જન સેવા અભિયાન અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોબર સુધી ચાલનાર 'આંગણ મિલન સેવા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સંદર્ભે વલસાડ ના ગુંદલાવ ની પ્રાથમિક શાળા હોલ માં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રવિણાબેન પટેલ, વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કેયુરભાઈ પટેલ, આઈસીડીએસના સુપરવાઈઝર અને આંગણવાડી કાર્યકર બહેનો તેમજ નાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આંગણવાડીના કાર્યકર બહેનોને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. તેમજ નાનાં ભુલકાઓ ને પોષણ કીટ આપવામાં આવી હતી.

## વલસાડ બીડીસીએ દ્વારા ક્રિકેટ એકેડમી યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** બલસાર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન, વલસાડ દ્વારા સંચાલિત ક્રિકેટ એકેડમીમાં તારીખ ૦૧-૧૦-૨૦૨૬ થી નવા પ્રવેશ આપવાનું ચાલુ કરવામાં આવનાર છે. ઉપરોક્ત ક્રિકેટ એકેડેમીમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડી ભાઈઓ તથા બહેનોએ તારીખ ૦૧-૧૦-૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે ક્રિકેટ યુનિફોર્મ માં વલસાડના સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે હાજર રહેવા બલસાર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એએ. સોસિએશનન માનદ મંત્રી જનકભાઈ દેસાઈ અખબાર યાદીમાં જણાવે છે.

## હનુમાનભાગડામાં આંગણવાડી કાર્યકરોનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ હનુમાન ભાગડા ગ્રામ પંચાયત કચેરીમાં આંગણ મિલન સેવા કાર્યક્રમનો શુભારંભ કરાયો જેમાં ગુજરાત ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી જૈન હજાર રહ્યા હતા

જેમાં પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી

લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ હતું.

વિકસિત ભારત જન સેવા અભિયાન અંતર્ગત આંગણ મિલન સેવા કાર્યક્રમનો આંગણવાડી કેન્દ્ર ના લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કર્યો હતો બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ હતું. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓ કરવવામાં આવી હતી. પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ માં વલસાડ તાલુકા પંચાયત સભ્ય પ્રિતી બેન ગામ પંચાયત સભ્ય શાળાના આચાર્ય સરસ્વતી બેન ગામના સામાજિક આગેવાન ગીતા બેન હજાર રહ્યા હતા કાર્યક્રમ નું સંપૂર્ણ સંચાલન દિપ્તી બેન એ કર્યું હતું.

## 'સ્વસ્થ નારી - સશક્ત સમાજ' અભિયાન અંતર્ગત

## વલસાડમાં ગર્ભાશયના મુખના કેન્સર અંગે જાગૃતિ સત્ર યોજાયું






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** મહિલાઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાધાન્ય આપતા રોટરી ક્લબ ઓફ વલસાડ, રોટરેક્ટ ક્લબ ઓફ વલસાડ, ભાજપ મહિલા મોરચો વલસાડ જિલ્લો તથા વલસાડ સિટી પોલીસના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ નારી - સશક્ત સમાજ' પહેલ અંતર્ગત ગર્ભાશયના મુખના કેન્સર (સર્વાઈકલ કેન્સર) અંગે એક વિશેષ જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૫૦ જેટલી મહિલા પો. કો. અને ટ્રાફિક પોલીસ બહેનોએ લાભ લીધો**

વલસાડ સિટી પોલીસ અને ટ્રાફિક શાખાની આશરે ૫૦ જેટલી મહિલા કોન્સ્ટેબલ્સ તથા પોલીસ કર્મી બહેનોએ સક્રિયપણે ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા જાણીતા તબીબ ડૉ. બિનીતા પટેલે ઉપસ્થિત મહિલાઓને ગર્ભાશયના મુખના કેન્સરના કારણો, તેના જોખમો, પ્રારંભિક લક્ષણો તેમજ સમયસર સ્ક્રીનિંગ અને નિદાનના મહત્વ વિશે અત્યંત સરળ શૈલીમાં વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભાજપ વલસાડ જિલ્લા મહિલા મોરચા તરફથી પ્રવીણાબેન તેમજ રોટેરિયન પ્રેમલબેન દ્વારા વક્તા ડૉ. બિનીતા પટેલનો પરિચય આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. 'સ્વસ્થ નારી - સશક્ત સમાજ'ના પ્રોજેક્ટ ચેર રોટેરિયન સનોબર શ્રોફે ઉપસ્થિત તમામ મહિલા પોલીસ કર્મીઓને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવા અપીલ કરી હતી અને સર્વાઇકલ કેન્સર સ્ક્રીનિંગ માટે નોંધણી કરાવવા વ્યક્તિગત રીતે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે આયોજકોએ જણાવ્યું હતું કે જાગૃતિથી સુરક્ષા, સ્ક્રીનિંગથી સમયસર સારવાર અને સ્વસ્થ નારીથી સશક્ત સમાજના સૂત્રને સાર્થક કરવા માટે આવા કાર્યક્રમો સમાજમાં મહિલાઓના ઉત્થાન અને આરોગ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. સમગ્ર આયોજન સફળ બનાવવા માટે પોલીસ પ્રશાસન અને ક્લબના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## વલસાડમાં વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વિકસિત ભારત-૨૦૪૭ અંતર્ગત ક્ષસેવા અને સુશાસનના ઉદ્દેશ સાથે વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, અભિવ્યક્તિ કૌશલ્ય, આત્મવિશ્વાસ તથા રાષ્ટ્રીય અને સામાજિક જાગૃતિનો વિકાસ થાય તેવા હેતુથી વલસાડ તાલુકા કક્ષાની વક્તૃત્વ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન બી.આર.સી. ભવન, વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વલસાડ તાલુકાના વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાની વક્તૃત્વ ક્ષમતા, વિચારોની રજૂઆત, સર્જનાત્મક અભિવ્યક્તિ તથા કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ તથા તાલુકા સંગઠન પ્રમુખ તેજસભાઈ પટેલે ઉપસ્થિત રહી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન આપી અભ્યાસની સાથે આવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે ભાગ લેવા પ્રેરણા આપી હતી.

વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારોને આત્મવિશ્વાસપૂર્વક અને અસરકારક રીતે રજૂ કર્યા હતા, જ્યારે ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને કલાત્મક પ્રતિભાને રંગો દ્વારા જીવંત બનાવી હતી. બંને સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને પ્રતિસાદ નોંધપાત્ર રહ્યો હતો.

બ્લોક કક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકો હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. બ્લોક કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શૈક્ષણિક કીટ માટે નગરપાલિકા કોર્પોરેટર આશિષભાઈ દેસાઈનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમનું સંચાલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિરવ સોલંકી તથા બી.આર.સી. કો-ઓર્ડિનેટર મિતેશ પટેલની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે શિક્ષણ વિભાગના અધિકારીઓ, બી.આર.સી. ટીમ, શિક્ષકો તથા સહયોગી તમામનો સહકાર પ્રાપ્ત થયો હતો.

## વલસાડ કોલેજના પૂર્વ આચાર્યનું સુરતમાં વકતવ્ય યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** સાર્વજનિક યુનિવર્સિટી, સુરત ખાતે અધ્યાપક સજ્જતા કાર્યક્રમ અંતર્ગત શિક્ષણની ગઈ કાલ, આજ અને આવતી કાલ વિષય પર વલસાડ કોમર્સ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. જે. એમ. નાયકના ગેસ્ટ લેકચરનું આયોજન થયું હતું. આ પ્રસંગે વક્તાએ અધ્યાપકોને સંબોધન કરતા જણાવ્યું હતું કે શિક્ષણ એ કોઈ પણ રાષ્ટ્રની કરોડરજ્જુ છે. શિક્ષણનું ક્ષેત્ર એ સરકાર અને સમાજ દ્વારા ઉપેક્ષિત થયેલું ક્ષેત્ર છે. શિક્ષણ એ સરકારની પ્રાયોરિટીમાં હોય એવું લાગતું નથી. વર્તમાન શિક્ષણ વ્યવસ્થા સંદર્ભે ઘણી બધી ફરિયાદો છે. આઉટડેટેડ થઈ ગયેલા સિલેબસના સંદર્ભે એમાં ધરમૂળથી મોટા ફેરફારોની આવશ્યકતા રહેલી છે. શિક્ષણની ગુણવત્તાનું સ્તર ચિંતાજનક રીતે નીચું જઈ રહ્યું છે. બિલાડીના ટોપની જેમ ખાનગી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓને પરિણામે શિક્ષણ મોંઘુદાટ થતું જાય છે. શિક્ષણની આવતી કાલને ઉજ્જવળ બનાવવી હોય તો શિક્ષણમાં ક્રાંતિકારી ફેરફારો આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે. પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાને સ્થાને કૌશલ્ય આધારિત શિક્ષણ પદ્ધતિ અપનાવ્યા વિના છૂટકો નથી. ભવિષ્યમાં હાઈબ્રીડ શિક્ષણ પદ્ધતિ અસ્તિત્વમાં આવશે એ નિશ્ચિત વાત છે. યુનિવર્સિટીઓમાં સમાજને ઉપયોગી સંશોધન થાય એ આવશ્યક છે.

રોજગાર ક્ષમતા વગરના અભ્યાસક્રમો અને ડિગ્રીઓનો કોઈ મતલબ નથી. પ્રવર્તમાન સમયને અનુરૂપ જે અધ્યાપકો સતત અપડેટ થતા રહેશે અને નવું નવું શીખતા રહેશે એવા શિક્ષકો જ આવતી કાલના શિક્ષણને લાંબી આવરદા આપી શકશે એ નિશ્ચિત છે. કાર્યક્રમની શરૂઆતમાં સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પંડ્યાએ પ્રાસંગિક ઉદબોધન કરીને વક્તાનું પુસ્તક પુષ્પથી સ્વાગત કર્યું હતું. ડૉ. પંડ્યા એ પૂરેપૂરો સમય હાજર રહીને અધ્યાપકોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં એમબીએ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ ડૉ.કાપડિયા અને બીઆરસીએમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.જયેશ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. ઉષ્માબેન દેસાઈએ કર્યું હતું.

## વલસાડમાં રોડ સેફ્ટી જાગૃતિ માટે બાઈક રેલી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** રાજ્યભરમાં ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન - સેવા મેરા યોગદાન હેઠળ વલસાડ જિલ્લા પોલીસે એક માર્ગ સલામતી બાઈક રેલીનું આયોજન કર્યું હતું. તેનો હેતુ ટ્રાફિકના નિયમો વિશે જાગૃતિ ફેલાવવાનો અને રોડ અકસ્માતો ઘટાડવાનો હતો. શહેરના તિથલ બીચ પરથી શરૂ થયેલી આ રેલીમાં જિલ્લા પોલીસ વડા ટ્રાફિક પોલીસ, મહિલા પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક બાઈક રાઈડર્સે ભાગ લીધો હતો. આ પ્રસંગે વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યની જેમ વલસાડ જિલ્લામાં પણ આ જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. વલસાડ જિલ્લામાંથી નેશનલ હાઈવે ૪૮ અને ૫૬ જેવા મુખ્ય રસ્તાઓ પસાર થાય છે. અહીં વાહન અકસ્માતો ઘટાડવા ખૂબ જરૂરી છે.

તેમણે જણાવ્યું કે, આ રેલીનો મુખ્ય હેતુ વાહનચાલકો હેલ્મેટ પહેરે, લેન ડ્રાઈવિંગનું પાલન કરે, સીટબેલ્ટનો ઉપયોગ કરે અને ઝડપ મર્યાદામાં વાહન ચલાવે તે છે. બાઈક ચાલકોએ પોતાની અને રાહદારીઓની જીંદગી જોખમમાં મૂક્યા વગર, કાયદાકીય દસ્તાવેજો સાથે વાહન ચલાવવું જોઈએ. આ સાથે જ, અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિને તરત હોસ્પિટલ પહોંચાડી તેનો જીવ બચાવવાના શપથ પણ બધા પોલીસ કર્મચારીઓ અને હાજર લોકોએ લીધા હતા. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે પોલીસની આ કામગીરી ને બિરદાવતા જણાવ્યું કે, રોડ સેફ્ટી વિશે જાગૃતિ લાવવા માટે પોલીસની આ પહેલ ખૂબ સારી અને આવકારદાયક છે. કેટલાક યુવાનો બાઈક પર ખતરનાક સ્ટંટ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને ઓવરસ્પીડિંગ કરીને પોતાનો અને નિર્દોષ રાહદારીઓનો જીવ જોખમમાં મૂકે છે. લોકોએ પોલીસની આ અપીલને ગંભીરતાથી લઈને ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ.મહાનુભાવોએ તિથલ બીચ પરથી લીલી ઝંડી આપીને બાઈક રેલીને રવાના કરી હતી.આ રેલી તિથલ બીચથી શરૂ થઈને હાલર સર્કલ, સિવિલ હોસ્પિટલ, સેંગવી બ્રિજ, પારનેરા ચાર રસ્તા, ધરમપુર ચોકડી, વલસાડ-ધરમપુર રોડ બ્રિજ (સાંઈ લીલા મોલ પાસે), SP ઓફિસ, કલ્યાણ બાગ, મોઘાભાઈ હોલ, સ્ટેડિયમ રોડ, આઝાદ ચોક અને ફરી હાલર સર્કલ થઈને તિથલ સર્કિટ હાઉસ ખાતે પૂરી થઈ હતી.

આ રેલી દરમિયાન, સમગ્ર વલસાડ શહેરમાં હેલ્મેટ પહેરો, ધીમે ચલાવો અને જીવન બચાવોના સંદેશ સાથે રોડ સેફ્ટીનો મજબૂત સંદેશો આપવામાં આવ્યો હતો.

## વલસાડની કે. એમ. શાહ હાઈ.માં જિલ્લા કક્ષાની થાંગતા માર્શલ આર્ટ સ્પર્ધા સંપન્ન





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૮ :** અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવના ભાગરૂપે આજે તા. ૨૪/૦૯/૨૦૨૬ના રોજ શાહ ખીમચંદ મૂળજી સાર્વજનિક હાઈસ્કૂલ, વલસાડ ખાતે જિલ્લા કક્ષાની થાંગતા માર્શલ આર્ટ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા રમત અધિકારી બી.જી.વળવી સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયેલ સ્પર્ધાની શરૂઆત શાળાના આચાર્ય જયશ્રીબેન ભગત, થાંગતા એસોસિએશન ગુજરાતના મંત્રી તરુણ કુમાર, નિલેશ કોસીયા, માર્શલ આર્ટ માસ્ટર જિતેન્દ્ર રાઠોડ, શીતલબેન ત્રિગોત્રા તેમજ માર્શલ આર્ટ માસ્ટર એસ.કે. મિશ્રાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાળાના આચાર્યશ્રીએ ઉપસ્થિત તમામ ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભકામનાઓ પાઠવી હતી. એસોસિએશનના મંત્રી તરુણ કુમારે થાંગતા માર્શલ આર્ટ રમતનું મહત્વ અને તેની સ્પોર્ટ્સમાં ઉપયોગિતા વિશે ખેલાડીઓને વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી.

આ સ્પર્ધામાં વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં થાંગતા માર્શલ આર્ટના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની કેટેગરીમાં જિલ્લામાં શ્રેષ્ઠ સ્થાન મેળવવા માટે કૌશલ્યપૂર્ણ પ્રદર્શન કર્યું હતું.

આજની આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ હવે પછી યોજાનાર રાજ્ય કક્ષાની થાંગતા માર્શલ આર્ટ સ્પર્ધામાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા

## પારડી ખાતે સ્નેહમિલન શિક્ષક સંવાદ કાર્યક્રમ યોજાયો



**વલસાડ, તા.૨૮ :** વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત સ્નેહમિલન શિક્ષક સંવાદ કાર્યક્રમ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા મહામંત્રી જાયમીન પટેલની ઉપસ્થીતિ વચ્ચે બી.આર.સી. ભવન, પારડી ખાતે યોજાયો હાતો. કાર્યક્રમમા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ એ કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી આનંદભાઈ પટેલને વલસાડ જિલ્લાનાં રાજ્ય કૉ. ઑર્ડીનેટર તરીકેની નિમણુંક આપી હતી. ઉપરાત શિક્ષકોના વહિવટી, શૈક્ષણિક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. ઓ.પી.એસ.ની માંગ, TET મુક્તિ, ઉચ્ચતર પગાર ધોરણ, જિલ્લા ફેર બદલી, જિલ્લા આંતરિક બદલી, NPS એન.પી.એસ.નવા ખાતા ખોલવા બાબત વાપી તાલુકાનાં શિક્ષકોનાં પ્રશ્નો જેવા ૭૦ જેટલાં પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા સંઘનાં તમામ હોદ્દેદાર, તમામ તાલુકા સંઘના પ્રમુખ, વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં માજી. પ્રમુખ ગોકુળભાઈ પટેલ, તાલુકા સંઘોની સંપૂર્ણ ટીમો સાથે-સાથે તમામ તાલુકાનાં શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રાહ્યા હતા.

## વલસાડમાં ખિલખિલાટ વાનના લાભાર્થીને ઘરથી પાંચ કિમી દુર ઉતારી મુકતાં કેપ્ટન સસ્પેન્ડ

**વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી માતા-બાળકને રજા મળતા ખિલખિલાટ વાનમાં વાંસદા મુકવા જઈ રહ્યાં હતા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાની માતા અને નવજાત શિશુને તા.૨૪.૦૯.૨૦૨૬ના રોજ રજા આપ્યા બાદ ઘરે ઉતારવાને બદલે ઘરથી પાંચ કિમી દૂર અંતરે રસ્તામાં મુકી જવાની ઘટનામાં ખિલખિલાટ વાનના કેપ્ટન અંકિત બાગુલને તાત્કાલિક અસરથી સેવામાંથી નિલંબિત (સસ્પેન્ડ) કરવામાં આવ્યો હોવાનું વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાની ૧૦૮ સેવાના પ્રોગામ મેનેજર હેમંત સોલંકી દ્વારા જણાવાયુ છે.

આ ઘટના અંગે પ્રોગામ મેનેજર હેમંતભાઈએ વધુમાં જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં ખિલખિલાટ સેવા દ્વારા લાભાર્થીઓને અંતરિયાળ વિસ્તારમાં છેક ઘર સુધી પહોંચાડવાની સેવા આપવામાં આવે છે. હાલ જિલ્લામાં ૧૦ જેટલી ખિલખિલાટ વાન સેવામાં કાર્યરત છે. ત્યારે તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વલસાડ સિવિલ હોસ્પિટલમાંથી વાંસદાની માતા અને નવજાત શિશુને રજા આપ્યા બાદ લાભાર્થીને વાંસદાના ખડકીયા ગામ ખાતે આવેલા તેના ઘરે ઉતારવા માટે ખિલખિલાટ વાન નીકળી હતી પરંતુ લાભાર્થીનું ઘર આવે તે પહેલા જ પાંચ કિમી દૂર હનુમાનબારી સર્કલ ખાતે રસ્તામાં ઉતારીને ખિલખિલાટનો કેપ્ટન નીકળી ગયો હતો. આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરાતા જવાબદાર કેપ્ટન અંકીત બાગુલ કે જે, ખિલખિલાટ સેવા કચેરીમાં આશરે બે વર્ષથી કાર્યરત છે. દર્દીને અધવચ્ચે છોડી જવાની ઘટનામાં અંકિત બાગુલે પોતાની ભુલ સ્વિકારી છે અને ઘરે જવાની ઉતાવળમાં લાભાર્થીને રસ્તામાં ઉતારી દેવાની ગંભીર ભૂલ કરી હતી. જેને ધ્યાને લઈને પરિસ્થિતિની ગંભીરતાને અનુલક્ષીને તાત્કાલીક ધોરણે સેવામાંથી નિલંબિત કરવામાં આવ્યો છે. ૧૦૮ સેવાના વલસાડ-નવસારી અને ડાંગ જિલ્લાના પ્રોગામ મેનેજર હેમંત સોલંકીએ વધુમાં જણાવ્યું કે, આવી બાબતમાં ગંભીર રહીને કામગીરી કરવા તમામ કર્મચારીને સજાગ કરવામાં આવ્યા છે. સેવામાં કોઈપણ બાબતની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી એવી કડક સુચના તમામ કર્મચારીને આપવામાં આવી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 29, September 2026


## નારાજગી હવે ગુસ્સામાં

ઓનલાઈન આર્થિક વ્યવહારો માટે યુપીઆઈ પદ્ધતિનો ઉપયોગ કરતા લોકો અને વેપારીઓમાં વધી રહેલી નારાજગી હવે ગુસ્સામાં પરિવર્તિત થઈ રહી છે. શરૂઆતમાં લોકોએ જે વિરોધ નોંધાવ્યો તે હવે આંદોલનમાં બદલાવવાની તૈયારી છે. ૨ ઓક્ટોબરેનો યુપીઆઈ ડેની જાહેરાત વેપારી સંગઠનોએ કરી છે. એક પ્રકારનું અસહકાર આંદોલન કે સવિનય કાનૂન ભંગ તેને કહી શકાય. પૂર્ણ સંભાવના છે કે, નાનામાં નાના વેપારીથી માંડીને ઓનલાઈન વ્યાપાર કરનારા તમામ વર્ગનો ટેકો આ આંદોલનને મળશે. સરકારે આ અંગે પુનઃ વિચાર કરવો રહ્યો. કારણ કે, હવે આ ઓનલાઈન વ્યવહાર સામાન્ય બની રહ્યા છે. યુપીઆઈ દ્વારા થતા ચૂકવણાનો મુદ્દો સતત ચર્ચામાં છે. રૂા. ૨૦૦૦થી વધારે રકમના યુપીઆઈ વ્યવહાર ઉપર ૦.૪ ટકા ફી વસૂલાશે તેવું જાહેર થયું છે. આજના સમયમાં ૨૦૦૦ રૂપિયાની લેવડ-દેવડ તો સામાન્ય છે. કોઈ પણ આર્થિક વ્યવહાર વેપારી કરે કે, તેમણે સરકારને કોઈ ચોક્કસ રકમ ચૂકવવાની થાય તો તેનો બોજ છેલ્લે તો પ્રજા ઉપર જ આવે. આ કિસ્સામાં પણ એવું થશે, હજી તો સરકાર યુપીઆઈ વ્યવહારો ઉપર ૧૮ ટકા જીએસટીનો અમલ કરવાનું પણ વિચારી રહી છે. આ સ્થિતિમાં ઓનલાઈન આર્થિક વ્યવહાર મોંઘા થશે. દેશના વેપારી સંગઠનોએ હવે તેનો ઉગ્ર વિરોધ કરવાનું શરૂ કર્યું છે. દેશભરના વેપારીઓ ૨ ઓક્ટોબરે કોઈ પણ રકમ યુપીઆઈ દ્વારા સ્વીકારશે નહીં તેઓ ક્યુઆર કોડ, સ્કેનર જેવા ડિજિટલ ચૂકવણાના ઉપકરણોને કાળા કપડાથી ઢાંકી દેશે. ગુજરાતના વેપારીઓએ પણ આ વિરોધમાં જોડાવાનું નક્કી કર્યું છે. સામાન્ય માણસો પણ આ આંદોલનને ટેકો આપે તો નવાઈ નહીં, કારણ કે, આખરે તો તેમણે આ ચાર્જ ચૂકવવાનો થશે. ૨૦૧૬માં નોટબંધીનો અમલ થયો ત્યારથી ડિજિટલ ચૂકવણા માટે સરકારે લોકોને પ્રોત્સાહિત કર્યા અને ગેરરીતિઓ ઘટાડવા આ પ્રકારે આર્થિક વ્યવહાર કરવા તેઓએ અનુરોધ કર્યો. જનતા માટે પણ આ પદ્ધતિ સરળ બની. આજે પાણીપુરીના વેપારી કે શાકની લારી ચલાવતા ફેરિયા પાસે પણ ઓનલાઈન પૈસા સ્વીકારવાની સગવડ છે. ફરસાણના વેપારી પણ આ પ્રકારે વ્યવહાર કરે છે. લોકોને જ્યારે હવે આ ચૂકવણાની ટેવ પડી ગઈ છે ત્યારે આ પ્રકારની જોગવાઈ તેમના માટે થોડી નારાજગી ઊભી કરે તે સ્વાભાવિક છે. ડિજિટલ ઈન્ડિયા તરફથી લોકો પાછા રોકડ વ્યવહાર તરફ ન વળે તે પણ જોવું જોશે. આંદોલન ઉગ્ર બને તે પહેલાં આ અંગે ફરી વિચારણા થવી જોઈએ.

દમણગંગા ટાઈમ્સ

NEWS

CORPORATE NEWS

## બાણગંગા ગોલ્ડ એન્ડ ડાયમંડે આઈપીઓ માટે ડીઆરએચપી ફાઈલ કર્યું

**સુરત, તા. ૨૮ :** ડાયમંડ (ઈન્ડિયા) લિમિટેડ, જે ઓર્ગેનાઈઝડ સેક્ટરમાં કાર્યરત છે અને બીટુબી મોડલ પર સંપૂર્ણ રીતે ઈન્ટિગ્રેટેડ એવી સોનાના તથા હીરાના દાગીનાની ઉત્પાદક કંપની છે, તેણે તેના પ્રસ્તાવિત આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું છે. આ ઓફરમાં રૂ. ૫૪૦ કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧૮૦ કરોડ સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. આ રીતે કુલ ઓફરની સાઈઝ રૂ. ૭૨૦ કરોડ સુધીની રહેશે. ઓફર ફોર સેલ હેઠળ પ્રમોટર શેરધારકો નવરતનમલ જીતમલ ગન્ના રૂ. ૧૨૦ કરોડ સુધીના અને જીનેશ નવરતનમલ ગન્ના રૂ. ૬૦ કરોડ સુધીના શેરની ઓફર કરશે. ડીએએમ કેપિટલ એડવાઈઝર્સ લિમિટેડ આ ઓફરની એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે. કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ ઓફરની રજિસ્ટ્રાર છે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ તેની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની યોજના ધરાવે છે. કંપની મુખ્યત્વે સંગઠિત ક્ષેત્રની કોર્પોરેટ જ્વેલરી રિટેલ ચેઈન્સ, હોલસેલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સને દાગીના પૂરા પાડે છે. તેના ગ્રાહકોમાં જોયઆલુક્કાસ ઈન્ડિયા, નોવેલ જ્વેલ્સ (આદિત્ય બિરલા ગ્રુપ), મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સ, કલ્યાણ જ્વેલર્સ, ભીમા એન્ટરપ્રાઈઝીસ અને પી. એન. ગાડગિલ જ્વેલર્સનો સમાવેશ થાય છે.

## કોની થશે તૃણમૂલ કોંગ્રેસ?

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮ : સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસના નામ અને ફૂલ અને ઘાસ ચૂંટણી પ્રતિકના વિવાદ પર ચૂંટણી પંચને ત્રણ મહિનાની અંદર આખરી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે તમામ પક્ષોને ચાર અઠવાડિયાની અંદર પોતાની દલીલો અને દસ્તાવેજો રજૂ કરવા માટે કહ્યું છે. સુપ્રીમ કોર્ટે સોમવારે TMC ના નામ અને સિમ્બોલના કેસ પર સુનાવણી કરતા ચૂંટણી પંચને ત્રણ મહિનામાં નિર્ણય કરવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચને વિવાદ પર આખરી નિર્ણય માટે ચૂંટણી પ્રતિક આદેશ હેઠળ સમય આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, ત્રણ મહિનાનો આ સમયગાળો ચાર અઠવાડિયા પછી શરૂ થશે. સુપ્રીમ કોર્ટે સોમવારે આ કેસમાં સુનાવણી કરતા કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસના નામ અને ફૂલ અને ઘાસ વાળા ચૂંટણી પ્રતિકને લઈને ચાલી રહેલા વિવાદ પર નિર્ણય લેવા માટે ચૂંટણી પંચ પાસે ત્રણ મહિનાનો સમય પૂરતો છે.

જોકે, ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આ ત્રણ મહિનાનો સમયગાળો ચાર અઠવાડિયા પછી શરૂ થશે. કોર્ટે આ મામલે તમામ પક્ષોને ચાર અઠવાડિયાની અંદર પોતાની દલીલો અને દસ્તાવેજો રજૂ કરવા કહ્યું છે. ત્યારબાદ ચૂંટણી પંચે ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવાનો રહેશે. આ કેસમાં ચૂંટણી પંચને ચૂંટણી પ્રતિક આદેશ ના પેરા ૧૫ હેઠળ વિવાદ પર આખરી નિર્ણય લેવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. TMC સિમ્બોલ વિવાદ પર ચૂંટણી પંચે પુરાવાઓ અને એફિડેવિટની સંખ્યાને ધ્યાનમાં રાખીને, દલીલો પૂર્ણ થયા પછી ઓછામાં ઓછો છ મહિનાનો સમય માંગ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે UPI ચાર્જ પર તાત્કાલિક રોક લગાવવાનો ઈનકાર કર્યો

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, UPI સ્ટીયરિંગ કમિટી અને NPCIને નોટિસ પાઠવીને, ચાર સપ્તાહમાં તેનો જવાબ માંગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૮ : સુપ્રીમ કોર્ટે UPI દ્વારા કરવામાં આવતા ચોક્કસ વેપારી પેમેન્ટ્સ પર ચાર્જ લાગુ કરવાની પ્રક્રિયાને તાત્કાલિક અસરથી અટકાવવાનો ઈનકાર કર્યો છે. જોકે, સુપ્રીમ કોર્ટે સંબંધિત પક્ષો, જેવા કે કેન્દ્ર સરકાર, UPI સ્ટીયરિંગ કમિટી અને NPCIને કારણ દર્શક નોટિસ પાઠવીને ચાર સપ્તાહમાં તેનો જવાબ રજૂ કરવા કહ્યું છે. આ મામલાની સુનાવણી ચીફ જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચ દ્વારા કરવામાં આવી રહી છે. આ અરજીમાં રૂ.૨,૦૦૦થી વધુના આર્થિક વ્યવહાર પર લાગુ થતા નવા વેપારી ચાર્જ (MDR) ની કાયદેસરતાને પડકારવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચ આજે વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનની સુનાવણી કરી રહી હતી. કાર્યવાહી દરમિયાન, કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ (ASG) એન. વેંકટરામને જણાવ્યું હતું કે, આ ચાર્જ ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવશે. તેમણે નોંધ્યું હતું કે ૯૬% વ્યવહારો આ ચાર્જમાંથી મુક્ત રહેશે અને આવશ્યક સેવાઓ માટે રૂ.૫નો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.ASG એન. વેંકટરામને જણાવ્યું હતું કે, આ ન તો ટેક્સ છે કે ન તો ફી. તેના જવાબમાં જસ્ટિસ સૂર્યકાંતે ટિપ્પણી કરી હતી કે, "અમને આ તથ્યો સોગંદનામા પર જોઈએ છેપ આ મુખ્યત્વે એક તકનીકી બાબત છે." દરમિયાન, જસ્ટિસ બાગચીએ પૂછ્યું, "શું તે ટેક્સ છે કે ફી છે? જો તે ફી નથી, તો આ લેવી (ચાર્જ) માટેનો વહીવટી આધાર શું છે? કઈ સેવા પૂરી પાડવામાં આવી રહી છે?" ASG એન. વેંકટરામને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, "આ કોઈ વસૂલાત નથી." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભારત સરકાર આ ચાર્જમાંથી એક રૂપિયો પણ એકત્રિત કરી રહી નથી. તેના બદલે, આ પેમેન્ટ એગ્રીગેટર્સ અને બેંકો વચ્ચેની સેટલમેન્ટ ફી છે. છજીય એસ્પષ્ટ કર્યું કે જ્યારે બેંકો ઈલેક્ટ્રોનિક વ્યવહારોની પ્રક્રિયા કરે છે ત્યારે તેમને ખર્ચ થાય છે અને તેઓ ક્રેડિટ/ડેબિટ કાર્ડ વ્યવહારો પર શુલ્ક વસૂલે છે, જ્યારે અગાઉ UPI ચૂકવણીઓને આવા શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવી હતી. જોકે, સમગ્ર સિસ્ટમના સુચારુ સંચાલન માટે આ શુલ્ક આવશ્યક છે.નોંધનીય છે કે NPCI એ, આગામી ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવે તે રીતે UPI દ્વારા કરવામાં આવતા રૂપિયા ૨૦૦૦થી વધુની કિંમતની વેપારી ચૂકવણીઓ પર એક શુલ્કખાસ કરીને 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ કરવાનો નિર્ણય લીધો છે. રૂપિયા ૨,૦૦૦ થી વધુની ચૂકવણી માટે ૦.૪ ટકાનો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે, જેમાં રૂપિયા ૭૫,૦૦૦ કે તેથી વધુની ચૂકવણી માટે મહત્તમ મર્યાદા (cap) રૂપિયા ૩૦૦ રાખવામાં આવી છે. જોકે, સામાન્ય જનતા દ્વારા કરવામાં આવતી UPI ચૂકવણીઓ પર કોઈ શુલ્ક લાદવામાં આવ્યો નથી. સરકારનો દાવો છે કે આ ફેરફારથી લગભગ ૯૬ ટકા વેપારી વ્યવહારો પર કોઈ અસર પડશે નહીં.નવી સિસ્ટમમાં નાના દુકાનદારોને આ શુલ્કમાંથી મુક્તિ આપવાની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. UPI QR કોડ દ્વારા દર મહિને રૂપિયા ૧ લાખ સુધીની રકમ મેળવતા નાના વેપારીઓએ કોઈ પણ શુલ્ક ચૂકવવો નહીં પડે. રેલવે, ટેલિકોમ્યુનિકેશન, વીમા, ઈંધણ અને કૃષિ સામગ્રી જેવા ક્ષેત્રોમાં રૂપિયા ૨,૦૦૦ થી વધુના વ્યવહારો માટે રૂપિયા ૫ નો નિશ્ચિત ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) માં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રૂપિયા ૨,૦૦૦ થી વધુની UPI વેપારી ચૂકવણીઓ પર શુલ્ક લાદવાનો નિર્ણય પૂરતી કાનૂની સુરક્ષા, પારદર્શિતા કે જાહેર પરામર્શ વિના લેવામાં આવ્યો હતો. આ અરજી જાન્યુઆરી ૨૦૨૦ થી અમલમાં રહેલી 'શૂન્ય-શુલ્ક વ્યવસ્થા' માં ફેરફાર કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારે છે. સુપ્રીમ કોર્ટે હવે તાત્કાલિક સ્ટે (સ્થગિતતા) આપવાનો ઈનકાર કર્યો છે અને સંબંધિત પક્ષો પાસેથી જવાબ માંગ્યા છે. આનો અર્થ એ છે કે, હાલ પૂરતું, ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારી નવી સિસ્ટમ પર કોર્ટ તરફથી કોઈ વચગાળાનો સ્ટે નથી.

## નવરાત્રીમાં પણ મેઘ ધબધબાટી બોલાવશે

### ગુજરાત સહિત ૨૦ રાજ્યોમાં આંધી તોફાન સાથે વરસાદની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮ :ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે જતા જતા પણ મેઘરાજા દેશના અનેક ભાગોમાં ધબધબાટી બોલાવવાના મૂડમાં લાગે છે. દેશના પૂર્વ અને ઉત્તર રાજ્યોમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે.

યુપી તથા બિહાર અને ઓડિશા જેવા રાજ્યોમાં અર્નબ વાવાઝોડાએ ભારે કહેર મચાવેલો છે. હવામાન ખાતા દ્વારા આગામી ૨૪ કલાકમાં ૨૦ જેટલા રાજ્યોમાં આંધી તોફાન સાથે ભારે વરસાદની ચેતવણી અપાઈ છે. ૭૫ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. અનેક પહાડી વિસ્તારોમાં તો લેન્ડસ્લાઈડની પણ ચેતવણી છે.

બંગાળની ખાડીમાં હાલ ડીપ ડિપ્રેશન સર્જાયું છે. જેના કારણે પૂર્વ ભારત તરબોળ રહી શકે છે. આગામી ૨૪ કલાકમાં ભારે આંધી તોફાન સાથે મૂસળધાર વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, બંગાળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર પ્રદેશ તેલંગાણા, આંદામાન અને નિકોબાર તેમજ કેરળમાં આંધી સાથે ભારે વરસાદ પડી શકે છે.

ઝારખંડ અને હિમાચલમાં ૨૯મી સુધી વરસાદ વરસી શકે છે. આવામાં ચોમાસું હજુ સપ્ટેમ્બરથી આગળ ઓક્ટોબર સુધી વધી શકે છે. સામાન્ય રીતે ઉત્તર ભારતીય રાજ્યોમાં આ સમયે ચોમાસું વિદાય થઈ રહ્યું હોય છે. પરંતુ હાલ વરસાદની શક્યતા જોવા મળી રહી છે.

હાલ બંગાળની ખાડીમાં ઓછા દબાણનું ક્ષેત્ર બનેલું છે. જેનાથી આ લેટેસ્ટ સિસ્ટમ વરસાદની સંભાવના વધારી રહી છે.

સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસર હોવાના કારણે ભેજવાળો પવન મેદાની વિસ્તારો તરફ આગળ વધી રહ્યો છે અને વરસાદ પડી રહ્યો છે. એક બાજુ બંગાળની ખાડીથી ભેજવાળો પવન આવે છે જ્યારે બીજી બાજુ પહાડી રાજ્યોમાં બરફવર્ષા બાદ ઠંડો પવન આવે છે. જેનું મેદાની વિસ્તારોમાં મહામિલન થઈ રહ્યું છે. આ અથડામણને કારણે મધ્ય અને પૂર્વી રાજ્યોમાં વાદળો છવાઈ રહ્યા છે. જેનાથી ભારે વરસા પડી રહ્યો છે.

આ વખતે અલ નીનોને નબળું કરનારું લા નીના પણ હવામાનની પરિસ્થિતિઓને પ્રશાંત મહાસાગરમાં બદલી રહ્યું છે. જેના કારણો ચોમાસું ઓક્ટોબર સુધી ખેંચાયું છે. જેના કારણે સપ્ટેમ્બરમાં સામાન્યથી વધારે વરસાદ પડ્યો છે.

હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ ચોમાસાની વિદાય આ વખતે ઓક્ટોબર સુધી ખેંચાઈ શકે છે.

## કેદારનાથ માર્ગ પર ફસાયેલા ૧૫૦૦ શ્રદ્ધાળુઓનું રેસ્ક્યૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કેદારનાથ, તા.૨૮ઃ ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફતના કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર અંદાજે ૧૫૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા, જેમનું સરકાર દ્વારા સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દુર્ગમ કાલિંદી ટ્રેક પર ફસાયેલા ૧૦૦થી વધુ ટ્રેકર્સને બચાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. SDRFના જણાવ્યા અનુસાર, રવિવારની મોડી રાત્રે સોનપ્રયાગ પોલીસને સૂચના મળી હતી કે ગૌરીકુંડથી લગભગ ૩ કિલોમીટર આગળ ચીડબાસા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રસ્તાની પેલે પાર ફસાયા છે. ચીડબાસા હેલિપેડ પાસે રસ્તા પર ભારે કાટમાળના થર જામી ગયા હતા અને સતત પથ્થરો પડી રહ્યા હોવાથી સ્થિતિ અત્યંત જોખમી બની હતી. આવી જીવન જોખમમાં મૂકનારી પરિસ્થિતિ વચ્ચે SDRF, NDRF અને DDRFની સંયુક્ત ટીમોએ મોર્ચો સંભાળ્યો હતો અને ભારે સાવધાની રાખીને તમામ શ્રદ્ધાળુઓને સલામત રીતે જોખમી ઝોન પાર કરાવી ગૌરીકુંડ સુધી પહોંચાડ્યા હતા. સતત ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા બીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે.

બીજી બાજુ, ઉત્તરાખંડના દુર્ગમ કાલિંદી ટ્રેક પર ખરાબ હવામાન અને ભારે બરફવર્ષા વચ્ચે ૧૦૦થી વધુ ટ્રેકર્સ ફસાઈ ગયા છે, જેને બહાર કાઢવા માટે મોટું રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. કુદરતી આફત સચિવ વિનોદ કુમાર સુમન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, સવારથી જ ૮ હેલિકોપ્ટરોની મદદથી આ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધી કર્નલ ઓડન બેઝ કેમ્પથી ૨૯ ટ્રેકર્સને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટ્રેકર્સ ૨૩ સપ્ટેમ્બરે આગળ વધ્યા હતા, જ્યારે હવામાન વિભાગ દ્વારા ૨૬ તારીખે જ ખરાબ હવામાનનું એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. જરૂર પડ્યે ભારતીય વાયુસેનાની મદદ પણ લેવામાં આવશે.

આ ઉપરાંત, ઓડેન કોલ ખાતે ફસાયેલા અન્ય ૨૯ ટ્રેકર્સનું પણ હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. રેસ્ક્યૂ કરાયેલા તમામ ટ્રેકર્સને હર્ષિલ હેલિપેડ પર લાવ્યા બાદ પ્રાથમિક સારવાર આપવામાં આવી છે અને હાલ તમામનું સ્વાસ્થ્ય સામાન્ય છે.

### ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટના ફાઈનલમાં બીજા સ્થાને

## ઈશા સિંહે શૂટિંગમાં જીત્યો સિલ્વર મેડલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮ઃ શૂટર ઈશા સિંહે ભારતને એશિયન ગેમ્સ ૨૦૨૬ ના ૯મા દિવસનો પહેલો મેડલ અપાવ્યો છે. તે સોમવારે વિમેન્સ ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટના ફાઈનલમાં બીજા સ્થાને રહી. ચીનની ખેલાડીએ શૂટઓફ જીતીને ગોલ્ડ મેડલ જીત્યો.

ઈશાએ ૫૮૦ અંક સાથે ફાઈનલ માટે ક્વોલિફાઈ કર્યું હતું. જ્યારે, મનુ ભાકર (૫૭૯ અંક) બહાર થઈ ગઈ છે. વળી, ટીમ ઈન્ડિયા ૧૭૨૭ અંક સાથે ૫મા સ્થાને રહી. હાલમાં, ભારત મેડલ ટેલીમાં ૧૨મા સ્થાને છે. ભારત પાસે ૩૮ મેડલ છે. જેમાં ૪ ગોલ્ડ, ૧૬ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ સામેલ છે.શૂટિંગના ૨૫ મીટર એર પિસ્તોલ ફાઈનલ ઈવેન્ટમાં ઈશા સિંહે સિલ્વર મેડલ જીતી લીધો છે. તે માત્ર એક અંકના તફાવતથી ગોલ્ડ મેડલ જીતવાથી ચૂકી ગઈ. ઈશા અને ચીની એથલીટ છેલ્લી સિરીઝ બાદ ૩૮-૩૮ થી બરાબરી પર હતા.

શૂટઓફમાં પણ ૪ શોટ્સ બાદ બંને એથલીટ બરાબરી પર હતા, પરંતુ ઈશા છેલ્લો શોટ મિસ કરી ગઈ અને ખૂબ જ રોમાંચક મુકાબલામાં ગોલ્ડ મેડલ જીતવાથી ચૂકી ગઈ.૨૦૨૬ એશિયન ગેમ્સમાં આજે ૧૦મો દિવસ છે. આજે ભારતીય ખેલાડીઓ ૧૩ અલગ-અલગ રમતોમાં ભાગ લેશે અને આજે ભારતના ખાતામાં વધુ મેડલ આવી શકે છે. ૨૮ સપ્ટેમ્બરે એથલેટિક્સ, શૂટિંગ અને કુરાશ સહિત અન્ય ઘણી રમતોમાં ભારત મેડલ જીતી શકે છે.

આજે વિશેષ રૂપે એથલેટિક્સમાં મેડલનો વરસાદ થઈ શકે છે. ભારતે ૯મા દિવસે કુલ ૭ મેડલ જીત્યા હતા.

આજે ડિસ્કસ થ્રોથી લઈને લોંગ જમ્પ, જેવલિન થ્રોમાં રોહિત યાદવ પાસેથી ઘણી આશાઓ હશે. વળી ૪૦૦ મીટર, ૮૦૦ મીટર અને ૧૫૦૦ મીટર ઉપરાંત સ્ટીપલચેઝમાં પણ ભારતના ખેલાડીઓ દાવેદારી રજૂ કરવાના છે.

### બલુચિસ્તાનમાં ૧૦૦થી વધુનાં મોત

## અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ લોહિયાળ બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
બલુચિસ્તાન, તા.૨૮
બલુચિસ્તાનમાં ભારે તંગદીલીની સ્થિતિ છે, અફઘાનિસ્તાનીઓ સરહદેથી પાક. સૈન્ય સામે લડી રહ્યા છે જ્યારે બલુચિસ્તાનમાં અંદર બલોચ આર્મીના બળવાખોરો લડી રહ્યા છે. એવામાં છેલ્લા ૯૬ કલાકમાં બલુચિસ્તાનમાં પાક. સૈન્યએ ૭૩ લોકોનો ભોગ લીધો છે. જ્યારે સરહદે ૨૮ અફઘાનિસ્તાનીઓ પાકિસ્તાનથી અફઘાનિસ્તાન જઈ રહ્યા હતા ત્યારે માર્યા ગયા હતા. એટલે કે આ બલુચિસ્તાન પ્રાંતમાં આશરે ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા.બલુચિસ્તાનના ઝીયારત, નોકશી સહિતના જિલ્લાઓમાં મોટી સંખ્યામાં પાક. સૈન્ય ત્રાટક્યું હતું. પાક. સૈન્યના મીડિયા દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે જે પણ લોકો માર્યા ગયા છે તેઓમાં મોટાભાગના આતંકવાદીઓ છે. ૨૧મી તારીખથી પાક. સૈન્ય દ્વારા બલુચિસ્તાનમાં આ હત્યાકાંડ માટે ઓપરેશન શરૂ કરાયું હતું. પાક. મીડિયા વિંગ આઈએસપીઆર દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું કે આ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. જે પણ માર્યા ગયા છે તેઓ તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સાથે જોડાયેલા હતા. પાક. સૈન્ય મીડિયાએ વધુમાં દાવો કર્યો છે કે અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પાક.ના વિવિધ પ્રાંતોમાં આતંકવાદ ફેલાવી રહી છે. જેને કારણે પાકિસ્તાનમાં શાંતિ ડોળાઈ રહી છે. જ્યારે બીજી તરફ બલુચિસ્તાનના બળવાખોરો દ્વારા હુમલા શરૂ કરાયા છે, ખાસ કરીને બહારના પાકિસ્તાનીઓને નિશાન બનાવીને હુમલા કરવામાં આવી રહ્યા છે.પાલારી વિસ્તારમાં એક કન્સ્ટ્રક્શન સાઈટ પર બળવાખોરો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને ૧૨ મજૂરોનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું. બીજી તરફ અફઘાનિસ્તાન સરહદ પાસે ગુલિસ્તાન સેક્ટરમાં પાક. અને અફઘાનિસ્તાની સૈન્ય વચ્ચે તંગદીલી વધી રહી છે.આ વિસ્તારમાં તાજેતરમાં જ ૨૮ લોકો ઘૂસણખોરોના આરોપો હેઠળ માર્યા ગયા હતા. અફઘાનિસ્તાને દાવો કર્યો હતો કે માર્યા ગયેલા લોકો પાકિસ્તાનથી ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. માર્યા ગયેલા પાકિસ્તાનીઓ છે કે કેમ તેને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

## હોર્મુઝ બંધ થતાં ઈરાન કંગાળ :ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૨૮
અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સામુદ્રધુનીને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને તુરત જ ખોલવા માંગે છે, કારણ કે ખાડી બંધ થવાથી તેની આવક પર અસર પડી રહી હોવાનો ટ્રમ્પે દાવો કર્યો છે.ટ્રમ્પે કહ્યું કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી આવક રળે છે અને હવે પૈસાની અછત સર્જાઈ છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને વિશ્વ માટે સમસ્યા ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો આ નિર્ણય પોતાના માટે જ નુકસાનકારક સાબિત થયો છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાને વિચાર્યું હતું કે સ્ટ્રેટ બંધ કરીને તે વિશ્વ માટે સમસ્યા ઊભી કરશે.ટ્રમ્પે કહ્યું કે પછી હું આવ્યો અને અમે લશ્કરી ઈતિહાસની સૌથી મોટી નાકાબંધી કરી હતી. તે સ્ટીલની દિવાલ જેવું છે. અમે તેમના માટે સ્ટ્રેટ બંધ કરી દીધો, બાકી બધા ઉપયોગ કરી શકે છે. તેમણે કહ્યું કે એમરિકાની કાર્યવાહી પછી ઈરાન પાસે હવે પૈસા નથી.ટ્રમ્પે કહ્યું કે ઈરાનને હવે સમજાઈ રહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને તાત્કાલિક ખોલવું જરૂરી છે. ઈરાનની આર્થિક સ્થિતિ પર સીધી અસર પડી છે અને તેથી જ તેઓ સ્ટ્રેટને ફરીથી ખોલવા માંગે છે. ટ્રમ્પે પત્રકારોને કહ્યું કે મેં તેમનો સોદો ફગાવી દીધો છે. તેઓ સમજૂતી કરવા માંગે છે કે હોર્મુઝ સ્ટ્રેટને તરત જ ખોલવામાં આવે. તેઓ કારમી હારનો સામનો કરી રહ્યા છે.

## હવે અરબ સાગરમાં ઈરાની સેના ઘૂસશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન, તા.૨૮
ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ મોટી જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું છે કે તેમની સેના હવે અરબ સાગરનો સફાયો કરશે. જે બાદ દુશ્મનની ફોજ ટૂંક સમયમાં જ ત્યાંથી પણ બહાર થઈ જશે.આ નિવેદન એવા વિસ્તારો અંગે છે, જ્યાં ઈરાન પોતાની સુરક્ષાને લઈને હંમેશાં સતર્ક રહે છે. મોજતબા ખામેનેઈએ કહ્યું કે, દુશ્મનો પહેલાથી જ દક્ષિણ ઈરાનના જળસીમા પરથી હટીને અરબ સાગર સુધી પહોંચી ગયા છે. હવે ત્યાંથી પણ તેમનો સફાયો થવાનો છે. મોજતબાએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા કરતા ઈરાની જવાનોએ દુશ્મનોને અનેકવાર જડબાતોડ જવાબ આપ્યો છે.

આ જ કારણે દુશ્મનો હવે એ વિસ્તારથી આગળ આવવાની હિંમત કરી શકતા નથી. જ્યારે પણ તેમણે પ્રયાસ કર્યો ત્યારે તેમણે પોતે જ નુકસાન ભોગવવું પડ્યું છે. આ નિવેદન ઈરાન-ઈરાક યુદ્ધની યાદ અને હિઝબુલ્લાહના નેતા હસન નસરૂલ્લાહના મોતની બીજી વરસી પર આપવામાં આવ્યું હતું. નસરૂલ્લાહને ૨૦૨૪માં ઈઝરાયલે મારી નાખ્યો હતો. ખામેનેઈએ આ પ્રસંગે દેશના જવાનોની બહાદુરીની પ્રશંસા કરી હતી.

સુપ્રીમ લીડરે આગળ કહ્યું કે, ઈરાની ફોજ અને હોર્મુઝની રક્ષા કરતા લડાયકો દુશ્મનોને દર વખતે પાઠ ભણાવતા રહ્યા છે.

## નેતન્યાહૂ મુસ્લિમ દેશની સિક્રેટ મુલાકાતે

(સંપૂર્ણ સમાચાર સેવા)
જેરૂસલેમ, તા.૨૮
ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે અચાનક અબુ ધાબીની મુલાકાત લીધી હતી,

જ્યાં તેમણે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરી હતી. મીડિયા અનુસાર, એક વરિષ્ઠ ઈઝરાયલી અધિકારીએ આ મુલાકાતની પુષ્ટિ કરી છે, જોકે બંને દેશોના સરકારી કાર્યાલયો તરફથી તત્કાલ કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું ન હતું.નેતન્યાહૂની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે 7 ઓક્ટોબર 2023ના હમાસ હુમલા પહેલાં UAE દ્વારા કથિત રીતે આપવામાં આવેલી ચેતવણીને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. ઈઝરાયલી મીડિયાના અહેવાલ મુજબ, શેખ મોહમ્મદે હુમલાના લગભગ દોઢ અઠવાડિયા પહેલાં નેતન્યાહૂને જણાવ્યું હતું કે હમાસ ઈઝરાયલ વિરુદ્ધ મોટા ઓપરેશનની તૈયારી કરી રહ્યું છે.આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ચેતવણી ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓ અથવા સેના સુધી પહોંચી ન હતી. જોકે, નેતન્યાહૂએ આ અહેવાલને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે અને અખબાર સામે કાનૂની કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપી છે. બીજી તરફ, UAEએ આ રિપોર્ટ પર સીધી કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ અબુ ધાબીનું કહેવું છે કે 2020માં ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો સ્થપાયા બાદ બંને દેશો વચ્ચે વાતચીત માટે સીધા સંપર્કો જળવાયેલા છે.

આ અગાઉ પણ નેતન્યાહૂ અને શેખ મોહમ્મદ વચ્ચે UAEમાં ખાનગી મુલાકાત થયાના અહેવાલો સામે આવ્યા હતા.

# અન્ય સમાચારો

Tuesday 29, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૫૬/૨૦૨૪

**અરજદાર : જશીબેન રમણભાઈ વાઘાત ઉ.વ.આ.૭૯, ધંધો - ઘરકામ**
**રહે.** માણેકપુર - ખંડવાઈ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર. આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, માણેકપુર**
**ગ્રામ પંચાયત કચેરી, માણેકપુર**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશીબેન રમણભાઈ વાઘાત** રહે. માણેકપુર, ખંડવાઈ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **સ્વ. લખિયાભાઈ રત્નાભાઈ વઘાતનું** મરણ તા.૨૫-૦૪-૧૯૮૫ના રોજ મોજે - માણેકપુર, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૫૬/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૦૩/૨૦૨૫

**અરજદાર : સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી**
**મુળ રહે.** મલાવ - પારસીપાડા, હાલ રહે. નંદીગામ - પટેલપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મલાવ**
**ગ્રામ પંચાયત કચેરી, મલાવ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી** રહે. મુળ રહે. મલાવ - પારસીપાડા હાલ રહે. નંદીગામ - પટેલપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાભી **સ્વ. છીતરાબેન બર્જુલભાઈ ડાવરીયાનું** મરણ તા.૧૦-૦૫-૧૯૯૭ના રોજ મોજે - મલાવ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૦૩/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૦૨/૨૦૨૫

**અરજદાર : સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી**
**મુળ રહે.** મલાવ - પારસીપાડા, હાલ રહે. નંદીગામ - પટેલપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મલાવ**
**ગ્રામ પંચાયત કચેરી, મલાવ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી** રહે. મુળ રહે. મલાવ - પારસીપાડા હાલ રહે. નંદીગામ - પટેલપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. સોનાઈબેન રતનાભાઈ ડાવરીયાનું** મરણ તા.૧૫-૦૨-૧૯૮૬ના રોજ મોજે - મલાવ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૦૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## CHANGE OF NAME

I AARYA RAHUL GARASIA ,D/O RAHUL GAMANBHAI GARASIA , R/O C-502 , PRAMUKH SANIDHYA,NEAR S.T.WORKSHOP, ABRAMA, VALSAD ,TAL.DIST. VALSAD -396002,GUJARAT .HERE BY DECLARES THAT AARYA RAHUL GARASIA & AARYA RAHULBHAI GARASIA ARE SAME AND ONE IDENTICAL PERSON VIDE AFFIDAVIT DATED : 23/09/2026 AND SHALL BE KNOWN AS A AARYA RAHUL GARASIA FOR ALL THE FUTURE PURPOSES.

## CHANGE OF NAME

I RAHUL GAMANBHAI GARASIA ,S/O GAMANBHAI GARASIA ,R/O C-502 , PRAMUKH SANIDHYA,NEAR S.T.WORKSHOP, ABRAMA, VALSAD ,TAL.DIST. VALSAD -396002,GUJARAT .HERE BY DECLARES THAT RAHUL GAMANBHAI GARASIA & RAHULBHAI GAMANBHAI GARASIA ARE SAME AND ONE IDENTICAL PERSON VIDE AFFIDAVIT DATED : 23/09/2026 AND SHALL BE KNOWN AS A RAHUL GAMANBHAI GARASIA FOR ALL THE FUTURE PURPOSES.

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૪૦૦/૨૦૨૫

**અરજદાર : લીલાબેન વનુભાઈ તે છોટુભાઈ વારલીની દિકરી**
**રહે.** કરજગામ, કૃષ્નીફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર **શ્રીમતી લીલાબેન વનુભાઈ તે છોટુભાઈ વારલીની દિકરી** રહે. કરજગામ, કૃષ્નીફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બહેન **નર્મદાબેન છોટુભાઈ વારલીનો** જન્મ તા.૦૫-૦૬-૧૯૭૩ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૪૦૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૦૧/૨૦૨૫

**અરજદાર : સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી**
**મુળ રહે.** મલાવ - પારસીપાડા, હાલ રહે. નંદીગામ - પટેલપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ડહેલી**
**ગ્રામ પંચાયત કચેરી, ડહેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સોમલીબેન વનસાભાઈ ગરૂડા તે રતનાભાઈ શીડવાભાઈ ડાવરીયાની દિકરી** રહે. મુળ રહે. મલાવ - પારસીપાડા હાલ રહે. નંદીગામ - પટેલપાડા તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મોટી બહેન **સ્વ. તુલસીબેન લલ્લુભાઈ આંધેરનું** મરણ તા.૧૧-૦૯-૧૯૯૦ના રોજ મોજે - ડહેલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૦૧/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## જાહેર નિવિદા

વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનાં ગામોમાં બાંધકામ માટે માલ-સામાન પુરો પાડવા રસ ધરાવતી સ્થાનિક એજન્સી/ સંસ્થાઓએ ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી ટેન્ડર રજૂ કરવાના રહેશે. જે માટે www.nprocure.com પરથી વિગતો મળી શકશે.

| | |
|---|---|
| વેબસાઈટ ઉપર અપલોડ | : તા.૨૯/૦૯/૨૦૨૬ |
| વેબસાઈટ ઉપર અપલોડ | : તા.૨૯/૦૯/૨૦૨૬ થી તા.૧૨/૧૦/૨૦૨૬ |
| ઓનલાઈન ટેન્ડર છેલ્લી અવધિ | : તા.૧૨/૧૦/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી |
| ઓફ લાઈન ટેન્ડર ફી અને ઈ.એમ.ડી, ડોક્યુમેન્ટ પૂર્વ લાયકાત (પ્રિ.બીડ) રજુ કરવાની છેલ્લી અવધિ | : તા.૧૬/૧૦/૨૦૨૬, ૧૮:૦૦ કલાક સુધી |
| પ્રી બીડ (પૂર્વ લાયકાત) ખોલવાની | : તા.૧૭/૧૦/૨૦૨૬ સમય ૧૧:૦૦ કલાક સુધી |

**સહી/-**
**તાલુકા વિકાસ અધિકારી**
**તાલુકા પંચાયત સુબીર**

**નં.માહિતી/ડાંગ/૧૦૫/૨૦૨૬**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૯/૨૦૨૫

**અરજદાર : દ્રોપદીબેન રતનજીભાઈ માછી**
**રહે.** ફણસા, બ્રાહ્મણ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર **શ્રીમતિ દ્રોપદીબેન રતનજીભાઈ માછી** રહે. ફણસા, બ્રાહ્મણ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **પાતરિયા આકૃતીબેન રતનજીભાઈનો** જન્મ તા.૧૧-૦૪-૧૯૯૫ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૪૯/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૪૦૨/૨૦૨૬

**અરજદાર : સંપતભાઈ વિઠ્ઠલભાઈ કોળી**
**રહે.** મરોલી, કોળીવાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી મરોલી, કોળીવાડ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર **સંપતભાઈ વિઠ્ઠલભાઈ કોળી** રહે. મરોલી, કોળીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. દેવીબેન વિઠ્ઠલભાઈ કોળીનું** મરણ તા.૧૦-૦૯-૨૦૦૭ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૪૦૨/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ વલસાડ સબ ડીસ્ટ્રીકટ તાલુકા નાનાપોંઢા ના મોજે કરમખલ ગામે આવેલ બીનખેતી લાયક ઉપયોગની જમીન જેનો સીટી સર્વે નં. NA626 જેનુ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦-૪૩-૩૧ યાને ૪૩૩૧.૦૦ ચો.મી. જે બીનખેતીની જમીન ૧. હર્ષદ લાલજીભાઈ નાયક ૨. સુભાષ જેરામભાઈ જોશી ૩. અમિતકુમાર લાલજીભાઈ નાયકનાં કબજા, માલીકી, ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. તેવું જણાવી સદરહુ જમીન અમારા ઈસમને વેચાણ કરવા માટે આપે છે. જેથી સદરહુ મિલકતમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો - વિરોધ, લાગ-ભાગ, હકક, હીત, કબજો, સાટો, ભોગવટો સંબંધ કે દાવો, લીયન બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન ૧૫ (પંદર) માં લેખીત પુરાવાઓ લઈ અમોને મળવુ. મુદ્દત વિત્યે કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની મુળ જમીન માલીકોને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ અમારા નામે કરી કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહિ. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૨૮/૦૯/૨૦૨૬

અમારી મારફત
**આર બી કાછડ (એડવોકેટ) - મો. નં. ૯૭૧૪૯ ૯૭૯૧૧**
**સરનામુ : ૦૫, મહાલક્ષ્મી એવન્યુ, બલીઠા, વાપી, વલસાડ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૫૩/૨૦૨૬

**અરજદાર : નિર્મલા મોહન પટેલ ઉ.આ.વ.૭૨, ધંધો - ઘરકામ**
**રહે.** સરોજીની નાયડુ રોડ, ભૂરાભાઈ હોલ રઘલાપાડા,
કાંદીવલી વેસ્ટ, મુંબઈ (મહારાષ્ટ્ર) **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, એકલહરે**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નિર્મલા મોહન પટેલ** રહે. સરોજીની નાયડુ રોડ, ભૂરાભાઈ હોલ રઘલાપાડા, કાંદીવલી વેસ્ટ, મુંબઈ (મહારાષ્ટ્ર)નાએ તેમના પિતા **સ્વ. રામાભાઈ મિઠ્ઠલભાઈ હળપતિનો** મરણ તા.૨૨-૦૩-૧૯૯૦ના રોજ મોજે - એકલહરે - માતા ફળિયું, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૫૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,
### મુ.પો.આલીપુર-૩૯૬ ૪૦૯, તા. ચીખલી, જિ. નવસારી
### :: ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટ - ટેન્ડર નોટિસ ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીની ''દૂધ સંજીવની'' યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના તાલુકાઓની પ્રાથમિક શાળા, આશ્રમ શાળા, એકલવ્ય મોડેલ નિવાસી શાળા (EMRS), કન્યા નિવાસી શાળાઓ (GLRS) અને આંગણવાડીઓમાં ૨૦૦ મીલી પાઉચમાં ઈન્સ્યુલેટેડ બોક્ષ મારફત સંજીવની દૂધ વાહતુક અને વિતરણના કામે વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા ઈ-ટેન્ડરીંગ ભાવો આમંત્રિત કરવામાં આવે છે. રસ ધરાવતા ઈસમોએ તા.૨૯.૦૯.૨૦૨૬ થી તા.૧૨.૧૦.૨૦૨૬ સુધીમાં ઈલેક્ટ્રોનીક ફોર્મમાં ઈ-ટેન્ડર મારફત website:https://tender.nprocure.com ઉપર શરતો જોઈ ટેન્ડર ભરવાના રહેશે.

તા.૨૯/૦૯/૨૦૨૬

**વિજય એન. કાપડિયા**
**ઈન્ચાર્જ મેનેજિંગ ડીરેકટર**

## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
### નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પારડીમાં મુખ્યયાર્ડ પારડીમાં હંગામી ધોરણે વોચમેનની કામગીરી કરવાની હોય છે. તો રસ ધરાવતા પાર્ટીએ સંપર્ક કરવો.

વધુમાં સબયાર્ડ મોટાવાઘછીપામાં પાઈપ લાઈન તતા પ્લબીંગની કામગીરી કરવાની હોય રસ ધરાવતા કોન્ટ્રક્ટરએ ૫ દિવસમાં અરજી કરવી અથવા સંપર્ક કરવો.

## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
### નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી જી.વલસાડ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પારડીમાં મુખ્યયાર્ડ પારડીમાં શોપકમ દુકાનનું વોટર ફુપીંગ કરવાનું હોય તો રસ ધરાવતા કોન્ટ્રાક્ટરએ ૫ દિવસમાં અરજી કરવી અથવા સંપર્ક કરવો.

## વાપી મહાનગરપાલિકા-વાપી
### વોક ઈન ઈન્ટરવ્યૂ

વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગ માટે ૧૧ માટે તદ્દન હંગામી ધોરણે ''સ્વચ્છતા માર્શલ'' (Swachhta Marshall)ની જગ્યા માટે લાયકાત ધરાવતા ઈચ્છુક અને લાયક ઉમેદવારોએ વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત હાજર રહેવાનું રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત | સંખ્યા | માસીક પગાર (ફિક્સ) (રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | ''સ્વચ્છતા માર્શલ'' (Swachhta Marshall) | સેનેટરી ઈન્સ્પેક્ટરનો કોર્ષ | ૧૩ | રૂા.૧૬,૦૦૦/- |

શરતો :-

૧) મિશન ડાયરેક્ટર, સ્વચ્છ ભારત મિસન (અર્બન), ગુજરાતના પરિપત્ર ક્રમાંક SBM/0127/09/2026 તા.૨૩/૦૯/૨૦૨૬થી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ અંતર્ગત કચરો ફેંકનાર/ નિયમ ભંગ કરનાર સામે વહીવટી ચાર્જ ફટકારવા માટેની ફિલ્ડ કામગીરી કરવાની રહેશે. તથા સદર પરિપત્ર મુજબના જોબચાર્ટ મુજબની કામગીરી કરવાની રહેશે. (જે પરિપત્ર વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ https://vapicity.in/ ઉપર જોઈ શકાશે.

૨) ઈચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા તથા તમામ અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની નકલ સાથે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, વાપી, તા.વાપી, જી.વલસાડ ખાતે તમામ ઉમેદવારોએ પોતાના સ્વખર્ચે અને જોખમે હાજર રહેવાનું રહેશે.

૩) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા વાપી મહાનગરપાલિકાની રહેશે.

૪) સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે રહેશે. ત્યારબાદ મહાનગરપાલિકાની જરૂરિયાત અને કર્મચારીની કામગીરીને આધીન રિન્યૂ કરવામાં આવશે.

૫) વોક ઈન ઈન્ટરવ્યૂ તા.૦૫/૧૦/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૦૩:૦૦થી સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, વાપી, તા.વાપી, જી.વલસાડ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જરૂરી તમામ ડોક્યુમેન્ટ સહિત પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૬) ઉપરોક્ત કામે કોઈપણ નિર્ણય કરવાનો હક વાપી નહાનગરપાલિકાને અબાધિત રહેશે.

**સહી/-**
**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**વાપી મહાનગરપાલિકા-વાપી**

**નં.માહિતી/વલસાડ/૪૨૦/૨૦૨૬**

## PUBLIC NOTICE

The Public in general is hereby informed that my client LIKHMARAM KHANURAM SUTHAR, resident of: Flat No. A-302, Shubhlaxmi Co. Op. Hsg. Soc. Ltd., Haria Park, Dungra, Vapi, Taluka Vapi, District Valsad, Gujarat, was the, lawful owner of the premises being :-

"Flat No. A-302, Admeasuring About 70.16 Square Meters i.e. 755.00 Square Feet, Super Built-Up Area, and undivided share in land of 5.00 Square Meters, on Third floor of A-Wing of the building known as "Shubhlaxmi Co. Op. Housing Society Ltd." which is constructed on N.A Land Bearing Plot No. 13 Paikee Sub-Plot No. B-19 and B-20, Admeasuring About 10194.00 Square Meters, Bearing Survey No. 219/2-2 Paikee 219/3, Totally Admeasuring About 12252.00 Square Meters, which is lying and located within the Village Limits of Dungra, Vapi, Taluka-Vapi, District-Valsad, State-Gujarat, India"

That my client had purchased the said property from MANISHKUMAR BHAGWANBHAI SUTHAR and RAJURAM BHAGWANBHAI SUTHAR and for which the Sale deed has been duly registered in the Office of the Sub Registrar, Vapi on 10/10/2017 vide serial no. 9305/2017 And MANISHKUMAR BHAGWANBHAI SUTHAR and RAJURAM BHAGWANBHAI SUTHAR had purchased the said property from MULSINGH DUNGARSINGH THAKOR and for which the Sale deed has been duly registered in the Office of the Sub Registrar, Pardi on 26/02/2010 vide serial no. 2001/2010 And MULSINGH DUNGARSINGH THAKOR from Shubhlaxmi Co. Op. Housing Society Ltd. (GH-17732/1997) through its President vide allotment letter dated 01/08/1997 and was issued Original Share Certificate consisting of 5 shares each of Rs. 50/-(Rupees Fifty Only). That the said Share Certificate consisting of 5 shares each of Rs. 50/-(Rupees Fifty Only) was lost or misplaced somewhere by my client.

If any person(s) who finds it, is hereby requested to hand over the same to the undersigned. That this notice is issued to declare the loss of the original Share Certificate and to invite any belated claims, if any within Seven (7) days from the date of this publication, Any person(s) with claims/objections must submit documentary proof to the undersigned within 7 days. Failure to do so will result in the assumption that no third-party claims exist, and no disputes will be entertained thereafter.

**Date : 28/09/2026**
**Place : Vapi**

**HEMA L. VYAS**
**ADVOCATE & NOTARY**
**(G/835/2002)**
**Office No. C-16, Sun Signature, Opp. Haria Park, Dungra, Vapi, Ta. Vapi, Dist. Valsad, Gujarat.**











દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 29, September 2026

# દમણગંગા ટાઇમ્સ

## ડુંગરી પોલીસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત વલસાડ એલ.સી.બી.ના પી. આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પી. એસ. આઈ. જે.જી. પરમાર અને ટીમ કાર્યરત હતી. તે દરમિયાન એલ.સી.બી. વલસાડના એ.એસ.આઈ.ને બાતમીના આધારે ડુંગરી પોલીસ સ્ટેશનમાં દારૂ ગુનામાં વોન્ટેડ આરોપી નિશીત સુશિલ પટેલ ઉં.વ. ૩૦, રહે. કોટલાવ ગામ, મોટી કોળીવાડ, તા. પારડી, જી. વલસાડ ને ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે.

## વાપી દમણગંગા નદીમાં ખંડિત ગણેશ પ્રતિમાઓ ફરી ડોકાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** ગણેશોત્સવની ભક્તિ અને આનંદ બાદ વાપીમાં દમણગંગા નદીનું જળસ્તર ઘટતાં ચિંતાજનક દ્રશ્ય સામે આવતા નદીના પાણીમાં વિસર્જન કરવામાં આવેલી શ્રીજીની પી.ઓ.પી.ની ૨૦૦થી વધુ જર્જરિત અને ખંડિત બનેલી શ્રીજી ની પ્રતિમાઓ નદીમાં અને નદી કિનારે દેખાવા લાગી હતી.

આ અંગે વાપી જીઆઈડીસી નોટીફાઈડ એરિયાની ફાયર ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરી નદીમાંથી બહાર આવેલી પ્રતિમાઓનું ફરીથી નદીના ઊંડા પાણીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

જોકે, આ ઘટના માત્ર વિસર્જન બાદ પ્રતિમાઓ ફરી બહાર આવવાની બાબત પૂરતી સીમિત નથી, પરંતુ ધાર્મિક શ્રદ્ધા સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અંગે પણ સવાલો ઊભા કરે છે. પી.ઓ.પી.માંથી બનાવવામાં આવેલી મૂર્તિઓ પાણીમાં સરળતાથી ઓગળતી ન હોવાથી નદીમાં લાંબા સમય સુધી તેનો કચરો રહે છે. ઉપરાંત, મૂર્તિઓમાં વપરાતા રાસાયણિક રંગો તથા અન્ય સામગ્રી જળની ગુણવત્તા અને જળચર જીવો માટે નુકસાનકારક બની શકે છે.

ભગવાન ગણેશને વિઘ્નહર્તા અને બુદ્ધિના દેવતા માનવામાં આવે છે

ત્યારે તેમની વિદાય પણ પર્યાવરણને નુકસાન ન પહોંચાડે તે રીતે થાય તે જરૂરી છે. આગામી ગણેશોત્સવમાં નાની અને કુદરતી માટીની મૂર્તિઓનો ઉપયોગ તેમજ કુદરતી રંગો અને પર્યાવરણને અનુકૂળ વિસર્જન પદ્ધતિ અપનાવવા અંગે જાગૃતિ લાવવાની જરૂરિયાત છે.

## આસ્મા નજીક બાઈક વીજપોલમાં ભટકાતાં ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી તાલુકાના આસ્મા ગામ નજીક એક બાઈક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક વીજળીના થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં યુવાનનું મોત થયું છે મળતી માહિતી મુજબ, અરનાલા ગામના મંદિર ફળિયામાં રહેતા અને નોકરી કરતા ૨૬ વર્ષીય સાજનભાઇ અનિલભાઇ પટેલ ઉ.વ.૨૬ પોતાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નંબર GJ-15-DL-7128 લઈને આસ્મા ગામે સાસરીમાં જવાનું કહીને નીકળ્યા હતા. આ દરમ્યાન રાત્રિના આશરે પોણા અગિયારેક વાગ્યાના સુમારે, આસ્મા ગામના કોળીવાડ ફળિયાથી વરઈ ગામ તરફ જતા માર્ગ પર આ અકસ્માત સર્જાયો હતો. બાઈક પૂર ઝડપે હંકારતા યુવાન સાજનભાઈએ બાઇક પરનો કાબૂ ગુમાવી દીધો હતો જેથી બાઈક રોડની સાઈડમાં આવેલા વીજળીના થાંભલા સાથે જોરદાર ધડાકા સાથે અથડાઈ હતી ઘટનામાં યુવાનને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા તેમને તાત્કાલિક પારડી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહને PM અર્થે પારડી સરકારી દવાખાને ખસેડ્યો હતો. આ મામલે મૃતકના પિતા અનિલભાઈ બાબરભાઇ પટેલની ફરિયાદના આધારે પારડી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વલસાડમાં ખુલ્લી ગટરમાં ખાબકેલી ગાયનું દર્દનાક મોત

### પેટ ફાટીને આંતરડા બહાર નીકળ્યા : પેટમાંથી પ્લાસ્ટિકનો મોટો જથ્થો નીકળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલ નાયરા પેટ્રોલ પંપની સામેથી પસાર થતી એક ખુલ્લી ગટરમાં આજે મોડી સાંજે એક ગાય અચાનક ખાબકી હતી. ગટરમાં પટકાતાં ગાયનું પેટ ગંભીર રીતે ફાટી ગયું હતું અને આંતરડા બહાર આવી ગયા હતા, જેના પગલે વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બનાવની જાણ થતાં જ વલસાડ નગરપાલિકાના ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, પાલિકા સભ્ય જીગ્નેશ પટેલ તેમજ રતનસિંહ સહિતના આગેવાનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. આ ગંભીર ઘટના સંદર્ભે વલસાડ પ્રાંત અધિકારીને વાકેફ કરાતાં તેમણે તુરંત પશુચિકિત્સકની ટીમ અને 'અગ્નિવીર' રેસ્ક્યુ ટીમને સ્થળ પર રવાના કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી વેટરનરી ડૉક્ટરોની ટીમે ગાયની તાકીદની સારવાર શરૂ કરી હતી. પ્રાથમિક તપાસ અને સારવાર દરમિયાન ગાયના ફાટી ગયેલા પેટમાંથી મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકની થેલીઓ (કચરો) બહાર નીકળી આવતાં ઉપસ્થિત સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. તબીબો દ્વારા ગાયનો જીવ બચાવવા માટે ભારે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓ અને વધુ પડતું લોહી વહી જવાને કારણે સારવાર દરમિયાન ગાયનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

## વાપીમાં ગંદા પાણીના નિકાલ બાબતે મહિલા પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા . ૨૮ :** વાપીના ઈમરાન નગર વિસ્તારમાં ગંદા પાણીના નિકાલ બાબતે થયેલા ઝઘડામાં મારામારી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી મહિલા રૂક્સસના ફિરોઝ ખાનના જણાવ્યા મુજબ, તા. ૨૭ સપ્ટેમ્બર ના રોજ સવારે ૧૧ વાગ્યે પાડોશમાં રહેતા યુવકે તેમના ભાઈ અને વૃદ્ધ માતા સાથે ઝઘડો કરી ગાળો આપી હતી. ફરિયાદી પૂછવા જતા આરોપીએ ઉશ્કેરાઈ તેમને અને તેમના ભાઈને ઢીકામુક્કીનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

છોડાવવા વચ્ચે પડેલા વૃદ્ધ માતાને આરોપીએ ધક્કો મારતા તેઓ જમીન પર પડી ગયા હતા અને ડાબા હાથના ખભાના ભાગે ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર બાદ જનસેવા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ મામલે પોલીસે આરોપી જાવેદ અઝીઝ ખાન વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વાપીમાં સાવકા પિતાએ સગીર પુત્રી સાથે દુષ્કર્મ કર્યુ!

### બાળકીએ બૂમાબૂમ કરતા તેનું મોઢું દબાવી દીધું હોવાનો પણ આક્ષેપ : આરોપી પિતાની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીર વયની બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યાની ચકચારી ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે આરોપી સાવકા પિતા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૬૫(૨), ૬૪(૨)(એફ) તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની કલમ ૫(એમ)(એન), ૬ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તા. ૨૪/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે આશરે ૧૦ વાગ્યાના સુમારે ભડકમોરા વિસ્તારમાં રહેતી આશરે ૧૦ વર્ષની બાળકી જ્યારે તેની માસીના ઘરે ગઈ હતી, ત્યારે આરોપીએ તેને ઘરમાં એકલી જોઈ કપડા ઉતારી દુષ્કર્મ આચર્યું હતું. બાળકીએ બૂમાબૂમ કરતા તેનું મોઢું દબાવી દીધું હોવાનો પણ આક્ષેપ છે. ઘટના અંગે બાળકીના પરિવારજનોને જાણ થતા તા. ૨૭/૦૯/૨૯૨૬ના રોજ વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. ગોહિલ ચલાવી રહ્યા છે.

## વાપીમાં સસ્તા અનાજની દુકાનો સામે બેદરકારીની ફરિયાદો

### મોટાભાગની દુકાનો માત્ર મહિનામાં ૪થી ૫ દિવસ ખુલ્લી રહેતી હોવાનો ગ્રાહકોનો આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી મોટાભાગની સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકો અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને સમયસર અનાજનો જથ્થો નહીં મળતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના કારણે લાભાર્થીઓમાં રાજ્ય સરકાર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અગાઉ એટલે કે વર્ષો પહેલા સસ્તા અનાજની દુકાનો નિયમિત રીતે સવારે ૮થી બપોરે ૧૨ અને ૨ સાંજના ૫ વાગ્યા સુધી ખુલ્લી રહેતી હતી અને રેશનકાર્ડ ધારકોને ગમે ત્યારે અનાજનું વિતરણ કરવામાં આવતું હતું.

જોકે, હાલમાં વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અને તેની આજુબાજુના ગામડાઓમાં આવેલી સસ્તા અનાજની કેટલીક દુકાનો નિયમિત સમય દરમિયાન ખુલતી ન હોવાની તથા મહિનામાં માત્ર ચારથી પાંચ દિવસ જ દુકાનો ખોલીને અનાજનું વિતરણ કરવામાં આવતું હોવાની ફરિયાદો સામે આવી છે. સસ્તા અનાજની દુકાનોના અનિયમિત સમયને કારણે ખાસ કરીને રોજગારી માટે બહાર જતા રેશનકાર્ડ ધારકો અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ મેળવવા માટે ધક્કા ખાવાની સ્થિતિ સર્જાઈ રહી છે. દુકાન ક્યારે ખુલશે અને અનાજ ક્યારે મળશે તેની યોગ્ય માહિતી પણ લાભાર્થીઓને મળતી ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. સાથે અરજદારો તેમના વિસ્તારની સસ્તા અનાજની દુકાનો પર તેમને મળતો અનાજનો સરકાર દ્વારા ફાળવવામાં આવેલો પુરવઠો લેવા માટે જાય તો અનેક બહારના દુકાનદાર કરતા હોય છે અને ખાસ કરીને હાલમાં નેટ ખૂબ જ ધીમુ ચાલે છે તથા પુરવઠા વિભાગમાંથી હાલમાં અનાજનો જથ્થો વિતરણ નહીં કરવા માટે જણાવેલ છે તેવા અનેક કારણો રજૂ કરી રેશનકાર્ડ ગ્રાહકોને રેશન તેમને મળતું આપવામાં આવતું નથી આ મામલે વાપીના મામલતદાર કાંતિભાઈ કાતરીયા તથા પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા સમગ્ર મામલાની તપાસ કરવામાં આવે અને જે દુકાનદારો નિયમોનું પાલન કરતા ન હોય તેમની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મળતા રાશનનો પુરવઠો સમયસર અને પારદર્શક રીતે મળે તે માટે પુરવઠા વિભાગ દ્વારા સસ્તા અનાજની દુકાનોની નિયમિત ચકાસણી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

## વલસાડમાં દારૂ કેસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ જિલ્લા એલસીબી ની ટીમે દારૂ ના ગુનામાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપીને સુરત શહેરના કઠોદરા વિસ્તારમાંથી ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી. પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.બી. ઘનેશા તથા સ્ટાફની ટીમ વોન્ટેડ આરોપીઓને પકડવા માટે તપાસમાં હતી. તે દરમિયાન, એલ.સી.બી. ને મળેલી બાતમી આધારે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં ૨૦૨૪માં નોંધાયેલા દારૂ ના ગુનાનો વોન્ટેડ આરોપી હરેશભાઈ લાલજીભાઈ સિધ્ધપુરા સુરતના કઠોદરા વિસ્તારમાં હોવાનું જણાયું હતું. બાતમીના સ્થળે દરોડો પાડી પોલીસે આરોપીને સુરતના કઠોદરા, મારુતી નંદન રો-હાઉસ પાસેથી ઝડપી પાડી રૂરલ પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બલીઠા હાઈવે બ્રિજ નીચે રોડ કામ માટે બંધ કરાતા ટ્રાફિક જામ

### બંને તરફના સર્વિસ રોડ વન વે કરી બ્રિજ નીચેના વધારાના ગાળામાંથી વાહનો ડાયવર્ટ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપી હાઈવે ઉપર બલીઠા ઓવરબ્રિજ નીચે રોડ ખોદી બ્લોક બેસાડવાનું કામ હાથ ધરાનાર હોવાથી મુખ્ય ક્રોસિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે આજે સવારથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ટ્રાફિક પોલીસે વલસાડ તરફ બ્રિજ નીચે એક નાનો ગાળો ખુલ્લો કરી વાહનચાલકોને ગુંજન તરફ આવવા વિકલ્પ આપ્યો છે. પરંતુ બલીઠા સબવેથી માધવ જેમ્સ થઈ હાઈવે પર આવતા અને ગુંજન તરફ જવા માંગતા વાહનચાલકોને છરવાડા ક્રોસિંગ અથવા બલીઠા બ્રિજ નીચે મુખ્ય ક્રોસિંગથી આગળ બીજા નાના ક્રોસિંગ તરફ વાળવામાં આવી રહ્યા છે. બલીઠા બ્રિજ અને છરવાડા ક્રોસિંગ વચ્ચેના અન્ડરપાસમાંથી માત્ર ફોર વ્હીલર વાહનોને પશ્ચિમ તરફ એન્ટ્રી આપવામાં આવી રહી છે, જ્યારે પૂર્વ તરફ હાઈવે સર્વિસ રોડ ઉપર ટુ વ્હીલર વાહનોને પણ જવા દેવામાં આવતા ન હોવાથી વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાના વાહનચાલકોનો આક્ષેપ છે કે પોલીસ તંત્ર માત્ર ફોર વ્હીલર માટે જ વ્યવસ્થા કરે છે.

આ અંગે ટ્રાફિક પીઆઈ કાનાણીએ જણાવ્યું હતું કે, બલીઠા બ્રિજ નીચે કામ ચાલુ હોવાથી માર્ગ બંધ કરાયો છે. ગુંજન તરફ આવવા માંગતા વાહનચાલકો માટે આગળ ગાળો ખુલ્લો કર્યો છે અને બંને સર્વિસ રોડ વન-વે થાય તેવી વ્યવસ્થા ગોઠવી છે.

## આજે અંગારિકા ચોથે ચલાના બે ગણપતિ મંદિરે ભક્તોની ભીડ ઉમટશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** આજે અંગારક ગણેશ ચતુર્થી હોવાથી ગણેશ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંગળવારે આવતી ચોથને અંગારક ચોથ તરીકે ખૂબ શુભ માનવામાં આવે છે. આ દિવસે ભક્તો આખો દિવસ વ્રત રાખી વિઘ્નહર્તા ગણેશની પૂજા અર્ચના કરે છે.

વાપી પંથકમાં ગણપતિના માત્ર બે મુખ્ય મંદિરો ચલા વિસ્તારમાં આવેલા છે. એક મંદિર આશીર્વાદ હોસ્પિટલ પાસે આવેલું છે, જ્યારે બીજું મંદિર ચલા કેવડી ફળિયામાં આવેલું છે. આજે વહેલી સવારથી જ બંને મંદિરોમાં દર્શન માટે ભક્તોની ભીડ ઉમટવાની શક્યતા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ શણગાર, અભિષેક અને આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓ ગણપતિ બાપ્પાને લાડુ, દુર્વા અને લાલ ફૂલ અર્પણ કરી સુખ સમૃદ્ધિની કામના કરશે.

## ધોલાઈ બંદરે સરકારી જમીન પરના ૧૮ દબાણો દુર કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૮ :** બીલીમોરા નજીકના કાંઠા વિસ્તારમાં ધોલાઈ બંદરે સરકારી જમીન ઉપરના ગેરકાયદેસર દબાણો સામે સોમવારે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૨ હજાર ચોરસ મીટર જેટલી સરકારી જમીન પરથી ૧૮ નાની-મોટી દુકાનો, પતરાના શેડ, ગેરેજ, કેબિન સહિતના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ધોલાઈ બંદરે સરકારી હેડે ચાલતી જમીનમાં દુકાનો, બાંધકામો અને શેડ સહિતના અનધિકૃત દબાણો અંગે તંત્રને ફરિયાદો મળતાં તા.૨૪ સપ્ટેમ્બરના રોજ દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, દબાણ કરનારાઓ દ્વારા પોતાનો સામાન અન્યત્ર ખસેડવા માટે સમયની માંગ કરવામાં આવતાં તંત્ર દ્વારા તા. ૨૭ સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવી હતી. મુદત પૂર્ણ થયા બાદ તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ચીખલીના પ્રાંત અધિકારી નિશાંત ફુગસીયા, ગણદેવીના મામલતદાર દિપીકા રોઝ, બીલીમોરાના સર્કલ ઓફિસર વનરાજસિંહ સોલંકી, ગણદેવીના સર્કલ ઓફિસર જીગરભાઈ જોષી, બીગરીના મહેસૂલી તલાટી અરવિંદભાઈ રબારી, ધોલાઈના તલાટી-કમ-મંત્રી પ્રદીપ પટેલ સહિત મહેસૂલ તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ, વીજ વિભાગના કર્મચારીઓ તથા સંબંધિત અધિકારીઓની હાજરીમાં કાર્યવાહી કરવામાં આવી હતી. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસ દ્વારા પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સરકારી જમીન પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી મિલકતનું રક્ષણ તેમજ દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં પણ આવી દબાણવિરોધી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને નિયમોનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## બલીઠા અંડરપાસ પૂર્વમાં રોડ વિસ્તરણનું કામ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** બલીઠા અંડરપાસ તરફ જતા માર્ગના વિસ્તરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. હાઈવેથી અંડરપાસ તરફ જતા સાંકડા માર્ગને પહોળો કરી ગટરના પાઈપ નાખવાની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. લાંબા સમયથી આ માર્ગ સાંકડો હોવાથી ટ્રાફિક જામ અને અકસ્માતનો ભય રહેતો હતો, જેને લઈ સ્થાનિકો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી.

જોકે કામ શરૂ થતાંની સાથે જ અનેક સવાલો પણ ઉભા થયા છે. અંડરપાસમાંથી બહાર નીકળતા વાહનચાલકોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ છે, કારણ કે વિસ્તરણની સાથે રોડ મરામત ક્યારે થશે તે સ્પષ્ટ નથી. ખોદકામને કારણે માર્ગ પર કાદવ કીચડ અને ખાડા પડ્યા છે, જેનાથી ટુ-વ્હીલર ચાલકોને ભારે હાલાકી પડી રહી છે. ઉપરાંત રેલ્વે તરફ ગટર પાસે સુરક્ષા દીવાલ ક્યારે ઉભી કરવામાં આવશે તે અંગે પણ લોકોમાં ચિંતા છે. દીવાલ વિના ગટર માં વાહનો ખાબકવાનો ભય રહેલો છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર માત્ર પાઈપ નાખી સંતોષ ન માને, પરંતુ રોડ લેવલિંગ, ડામરકામ અને સુરક્ષા દીવાલનું કામ પણ સાથે જ પૂર્ણ કરે જેથી અકસ્માત ટાળી શકાય.



ચોથી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. તારાબેન હર્ષદભાઈ દેસાઈ, વટાર
જન્મ તા. ૧૨-૮-૧૯૩૬
સ્વ. તા. ૨૯-૦૯-૨૦૨૨

વહાલા મમ્મી,
આજે તારી ચોથી પુણ્યતિથિના ચાર વર્ષ વીતી ગયા. શબ્દોમાં કહુ એટલું સહેલું નથી. રદયમાં તમારુ સ્થાન હજીય અડગ છે પણ તમારી ઉણપ કેટલી ઊંડી છે તમો એ આપેલો પ્રેમ, જીવનનો સાચો પાઠ બની રહ્યો છે. તમારા આશીર્વાદ આજે પણ અમારા દરેક પગલે છાંયો બની રહ્યો છે. તસવીર તમારી નિહાળતા હૈયું રડે છે. તમે આપેલું માર્ગદર્શન જીવન જીવવાની સરળતા અર્પે છે. પરમ કૃપાળુ પ્રભુ આપના આત્માને શાંતિ પ્રદાન કરે એ જ અંતઃકરણપૂર્ણક પ્રાર્થના.

શોકાતુર
નીપા, વિપુલ, સેજલ



દ્વિતિય પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. સંકેતભાઈ રસિકભાઈ પટેલ
જન્મ તા. ૦૮-૦૯-૧૯૯૫
સ્વ. તા. ૨૯-૦૯-૨૦૨૪

તમારા અચાનક વિદાયથી અમો ખરેખર દુઃખી છીએ. તમો એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા, જીંદગી હતી ટુંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા, સ્તબ્ધ થઈ જીંદગી અમારી તારા વગર, હૃદય રડે ને આંખ રડે, રડે અમારા અંતરનો અવાજ. પરમ કૃપાળુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

લિ.
સ્વ. ચંદુભાઈ ઉક્કડભાઈ પટેલ (દાદા)
રસિકભાઈ ચંદુભાઈ પટેલ (પિતા)
પ્રમિલાબેન રસિકભાઈ પટેલ (માતા)
તેજલ રસિકભાઈ પટેલ (બેન)
અંકિત પટેલ (જમાઈ)
તથા સમસ્ત પરિવારજનો
મુ. પો. કોચરવા, કુંભાર ફળિયા, તા. વાપી, જી. વલસાડ

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**